RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૪ | શુક્રવાર, તા.૧૩-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૫ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

દિલ્હીના રામલીલા મેદાનમાં વધુ એક મોટા આંદોલનનું એલાન

OBC સંગઠન જાતિ આધારિત વસતી ગણતરી પર ભડક્યાં, તમામ જાતિઓ માટે વિશિષ્ટ કોડ અને ડ્રોપડાઉન મેનૂની માંગ

નવી દિલ્હી,

દેશભરના અન્ય પછાત વર્ગ સંગઠનો અને સામાજિક જૂથોએ જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે કેન્દ્ર સરકાર સામે મોરચો માંડવાની જાહેરાત કરી છે. 'ઓલ ઈન્ડિયા કાસ્ટ સેન્સસ કોઓર્ડિનેશન કમિટી' દ્વારા આગામી ૨૮ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન બોલાવવામાં આવ્યું છે. આ અગાઉ ૧ નવેમ્બરના રોજ પણ કોંગ્રેસના નેતૃત્વમાં 'ઈન્ડિયા' ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની માંગ સાથે આ જ મેદાન પર મોટું પ્રદર્શન કર્યું હતું.



ગુરુવારે વિવિધ સંગઠનો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકાર સમક્ષ માંગ કરી હતી કે ૨૦૨૭ની વસ્તી ગણતરીના તબક્કામાં ડ્રોપડાઉન મેનૂ સામેલ કરવામાં આવે. સંગઠનોના મતે, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), OBC અને સામાન્ય વર્ગ સહિતની તમામ જાતિઓને અલગ-અલગ વિશિષ્ટ કોડ આપવા જોઈએ. આ વ્યવસ્થાથી જાતિઓની ઓળખ અને ગણતરીમાં સ્પષ્ટતા આવશે અને સામાજિક ન્યાય માટે સચોટ આંકડા ઉપલબ્ધ થશે.

પ્રદર્શનકારીઓની મુખ્ય માંગણીઓ

૨૦૨૭ની વસ્તી ગણતરીમાં તમામ જાતિઓ માટે ડ્રોપડાઉન મેનૂની વ્યવસ્થા કરવી.,SC, ST, OBC અને સામાન્ય વર્ગની તમામ જાતિઓને અલગ વિશિષ્ટ કોડ આપવા, OBC સમુદાય માટે અલગ ડ્રોપડાઉન વિકલ્પ અને માનકીકૃત જાતિ નિર્દેશિકા તૈયાર કરવી., અનામત પર લાગેલી ૫૦ ટકાની મર્યાદા હટાવવામાં આવે.

૨૦૨૭ની વસ્તી ગણતરીની પ્રશ્નાવલીમાં કેન્દ્ર સરકારે SC અને ST સિવાયના બાકીના તમામ વર્ગો માટે જાતિની માહિતી ભરવા માટે 'ખુલ્લું કોલમ' (Open Column) રાખવાનો નિર્ણય લીધો છે. સંગઠનોએ ૨૦૧૧ની સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (SECC) નો દાખલો આપતા જણાવ્યું કે, તે સમયે ખુલ્લા કોલમના કારણે જાતિઓના ૪૬ લાખથી વધુ નામો સામે આવ્યા હતા અને આંકડાકીય ગરબડના કારણે તેનો રિપોર્ટ રદ કરવો પડ્યો હતો. તેથી ભૂલો અને પુનરાવર્તન ટાળવા ડ્રોપડાઉન વિકલ્પ અનિવાર્ય છે.

CM ચૌધરી, પ્રશાંત કિશોર, રોહિણી-લાલુ એક મંચ પર દેખાતા બિહારનું રાજકારણ ગરમાયું

પટના,

બિહારના રાજકારણમાં હંમેશા એકબીજા પર આકરા પ્રહારો કરતા નેતાઓ પટનામાં એક જ મંચ પર ઉષ્માભર્યા અંદાજમાં જોવા મળતા રાજકારણમાં નવી ચર્ચાઓ તેજ બની છે. પૂર્વ રાજ્યસભા સાંસદ અને ભાજપના વરિષ્ઠ નેતા સ્વ. આર.કે. સિન્હાના નિવાસસ્થાને આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને જન સુરાજના સૂત્રધાર પ્રશાંત કિશોર આમને-સામને આવ્યા હતા. બંને નેતાઓએ હાથ મિલાવીને હસતા મોઢે વાતચીત કરી હતી, જેની તસવીર હાલ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

આ મુલાકાતની સૌથી રસપ્રદ બાબત એ રહી કે RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્ય પણ સમ્રાટ ચૌધરી અને પ્રશાંત કિશોરની બરાબર બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. રાજકીય મંચો પર રોહિણી આચાર્ય પણ આ બંને નેતાઓ પર સતત નિશાન સાધતા રહ્યા છે. ત્યારે ત્રણેય ધુર વિરોધી નેતાઓની એકસાથે બેઠેલી તસવીરે નવા સમીકરણોની ચર્ચા જગાવી છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર ચૌધરી અને ભાજપ નેતા ઋતુરાજ સિન્હા પણ ઉપસ્થિત રહ્યા હતા.પ્રશાંત કિશોર અવારનવાર બિહાર સરકાર અને CM સમ્રાટ ચૌધરીની નીતિઓ પર સવાલો ઉઠાવતા રહે છે, જ્યારે RJD જન સુરાજને 'ભાજપની B-ટીમ' ગણાવે છે.

લદાખમાં સોનમ વાંગચુક સામે તંત્રની કાર્યવાહી, ૬૦ દિવસ માટે જાહેર ગતિવિધિઓ પર પ્રતિબંધ

વિરોધ સ્થળેથી પોલીસે વાંગચુકને હટાવ્યા, ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપની આશંકા વ્યક્ત કરી

નવીદિલ્હી,

કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના પ્રશાસને જાણીતા પર્યાવરણ અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુક સામે મોટી કાર્યવાહી કરી છે. તંત્રએ વાંગચુકની અવરજવર અને જાહેર ગતિવિધિઓ પર આગામી ૬૦ દિવસ માટે પ્રતિબંધ મૂકી દીધો છે. બુધવારે રાત્રે લદાખ પોલીસે સાવચેતીના ભાગરૂપે કાર્યવાહી કરીને વાંગચુકને લેહના દ્રહજી મેમોરિયલ પાર્ક સ્થિત વિરોધ સ્થળેથી હટાવી દીધા હતા. ત્યારબાદ લેહના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા 'ભારતીય



નાગરિક સુરક્ષા સંહિતા' (BNSS), ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ આ પ્રતિબંધાત્મક આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ આદેશ મુજબ,સોનમ વાંગચુક કોઈપણ અનધિકૃત રેલી, સરઘસ કે જાહેર સભાનું આયોજન કરી શકશે નહીં કે તેમાં ભાગ લઈ શકશે નહીં. લેહના વરિષ્ઠ પોલીસ અધિક્ષકના અહેવાલ બાદ આ નિર્ણય લેવાયો છે, જેમાં તેમના ભૂખ હડતાળ અને જનસભા જેવા આગામી કાર્યક્રમોથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. પ્રશાસને જણાવ્યું છે કે હાલમાં લદાખમાં નગર સમિતિ, પંચાયતો અને લદાખ સ્વાયત્ત પહાડી વિકાસ પરિષદ (LAHDC), લેહની ચૂંટણીઓ ચાલી રહી છે અને 'આદર્શ આચારસંહિતા' લાગુ છે.

૧ ડિસે.થી આયુષ્માન યોજનામાં મોટા ફેરફારની તૈયારી

૧૧૨ બીમારીઓની સારવાર-ઓપરેશન માત્ર સરકારી હોસ્પિટલોમાં જ થશે

નવીદિલ્હી,

આયુષ્માન ભારત યોજના હેઠળ દેશભરમાં એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. હવે ૧૧૨ બીમારીઓના પેકેજ અને ઓપરેશન ખાનગી હોસ્પિટલોમાંથી હટાવીને માત્ર સરકારી હોસ્પિટલોમાં જ ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઓથોરિટી દ્વારા અગાઉ ૨૩ પેકેજો સરકારી હોસ્પિટલો માટે આરક્ષિત કરવામાં આવ્યા હતા. હવે ૧ ડિસેમ્બર સુધી અન્ય ૮૯ પેકેજોને પણ આરક્ષિત કરવા માટે તમામ રાજ્યોના સ્વાસ્થ્ય ઓથોરિટીને દિશા-નિર્દેશો મોકલવામાં આવ્યા છે. આ નવી સૂચિ ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ (TMS) માં લાગુ કરવામાં આવશે. જોકે, કયા પેકેજો ખાનગી હોસ્પિટલોમાંથી હટાવવા કે નહીં તેનો અંતિમ નિર્ણય રાજ્યોના હાથમાં રહેશે.

આ આરક્ષિત પેકેજોમાં સ્ત્રી રોગ (ગાયનેકોલોજી), સામાન્ય શસ્ત્રક્રિયા (જનરલ સર્જરી), માનસિક રોગ, જનરલ મેડિસીન, ઓર્થોપેડિક્સ, કાન-નાક-ગળા (ENT) અને નેત્ર રોગ વિભાગો સાથે જોડાયેલી બીમારીઓનો સમાવેશ થાય છે

આ ૧૧૨ પેકેજોમાં ડે કેર સારવાર, શસ્ત્રક્રિયા (ઓપરેશન) અને અન્ય લાંબી બિમારીઓની સારવાર સામેલ છે.

જેમાં હાઈ રિસ્ક ડિલિવરી, આલ્કોહોલ લીવર ડિસીઝ, ગંભીર એનિમીયા (લોહીની ઊણપ), પેન્ક્રિયાટાઈટિસ, મેલેરિયા, ચિકનગુનિયા, ઝાડા-ઉલટી (ડાયરિયા), બાયોપ્સી, સિસ્ટ, ફિસ્ટુલા, ગર્ભાશયનું ઓપરેશન (હિસ્ટ્રેક્ટમી), મોતિયાબિંદ, માનસિક વિકાર (મેન્ટલ ડિસઓર્ડર), ચિંતા (એન્ઝાઈટી), હાડકાનું ફ્રેક્ચર અને ઈએનટી લગતી સારવારોનો મુખ્યત્વે સમાવેશ થાય છે. નિષ્ણાતોના મતે, ખાનગી હોસ્પિટલો પર થતો ખર્ચ ઘટાડવા અને સરકારી હોસ્પિટલોની સુવિધાઓને મજબૂત કરીને દર્દીઓને સીધો લાભ પહોંચાડવાનો આ મુખ્ય હેતુ છે. અગાઉથી જ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તમિલનાડુ સહિતના અનેક રાજ્યોમાં આ વ્યવસ્થા આંશિક રીતે લાગુ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે ઝાકિર નાઈકની સંસ્થા IRF પરનો પ્રતિબંધ ૫ વર્ષ લંબાવ્યો

ઝાકીરના નિવેદનોથી વિવિધ ધાર્મિક સમુદાયો વચ્ચે નફરત, દુશ્મનાવટ અને વૈમનસ્ય ફેલાવાનું જોખમ હોવાનું અનુમાન

નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઝાકિર નાઈક દ્વારા સ્થાપિત સંસ્થા 'ઇસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન' પરનો પ્રતિબંધ વધુ પાંચ વર્ષ માટે લંબાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આજે UAPA (ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ) ૧૯૬૭ હેઠળ સત્તાવાર જાહેરનામું બહાર પાડીને આ સંસ્થાને ફરી એકવાર 'ગેરકાનૂની સંગઠન' જાહેર કરવામાં આવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ગૃહ મંત્રાલયે IRFના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. ઝાકિર નાઈકની પ્રવૃત્તિઓ અને તેમના ભાષણોને અત્યંત વાંધાજનક ગણાવ્યા છે. સરકારનું માનવું છે કે તેમના નિવેદનોથી વિવિધ ધાર્મિક સમુદાયો વચ્ચે નફરત, દુશ્મનાવટ અને વૈમનસ્ય ફેલાવાનું જોખમ રહેલું છે.એટલું જ નહીં પરંતુ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આશંકા વ્યક્ત કરી છે કે, જો આ સંગઠન પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવે અથવા લંબાવવામાં ન આવે, તો તે ફરીથી પોતાની દેશવિરોધી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે, જે ભારતની સાર્વભૌમત્વ, અખંડિતતા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો સાબિત થઈ શકે છે. જેથી અત્યારે ફરી આ સંગઠન પર પાંચ વર્ષનો પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના ડૉ. ઝાકિર નાઈકે કરી હતી. ભારત સરકારે અગાઉ પણ UAPA હેઠળ આ સંસ્થા પર પ્રતિબંધ મૂક્યો હતો. તે સમયે સંસ્થા પર યુવાનોને કટ્ટરપંથી બનાવવા, દેશની સુરક્ષા વિરુદ્ધ કામ કરવા અને મની લોન્ડરિંગ જેવા ગંભીર આરોપો લાગ્યા હતા.

આજથી ચાર દિવસીય છઠ્ઠ મહાપર્વનો પ્રારંભ

ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરશે

નવી દિલ્હી,

દેશભરમાં લોક આસ્થાના મહાપર્વ છઠની શરૂઆત આજથી થઈ રહી છે. ચાર દિવસ સુધી ચાલનારા આ પર્વમાં ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના લાંબા આયુષ્યની કામના કરે છે. છઠ પર્વમાં સ્નાન અને ખાવાની પરંપરાથી લઈને ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવા સુધીની ખાસ પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. આ વ્રતને ખૂબ જ કઠિન માનવામાં આવે છે, કારણ કે તેમાં લગભગ ૩૬ કલાક સુધી પાણી પીધા વગર ઉપવાસ રાખવામાં આવે છે.

પહેલા દિવસે એટલે કે આજે ઘરની સાથે



પ્રતિકાત્મક તસવીર

રસોડાની પણ સફાઈ કરવામાં આવે છે, કદ્દુ-ભાત અને ચણાની દાળ બનાવવાની પરંપરા છે. આ ભોજન શુદ્ધતા સાથે તૈયાર કરવામાં આવે છે. છઠ પર્વના બીજા દિવસને ખરના કહેવામાં આવે છે. આ દિવસે વ્રત કરનાર આખો દિવસ ઉપવાસ રાખે છે. સાંજે સૂર્યાસ્ત બાદ પૂજા કરવામાં આવે છે. આ દિવસે માટીના ચૂલા પર કેરીનાં લાકડાંથી ગોળ અને ગાયના દૂધની ખીર બનાવવામાં આવે છે. આ ખીરનો પ્રસાદ ભગવાનને ધરાવવામાં આવે છે અને ત્યારબાદ પરિવારના સભ્યોમાં વહેંચવામાં આવે છે. ખરનાનું પ્રસાદ લીધા બાદ લગભગ ૩૬ કલાકનું નિર્જળા વ્રત શરૂ થાય છે.

છઠ પર્વનો ત્રીજો દિવસ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ દિવસે સાંજે આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. આ માટે સવારથી જ પૂજાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. વાંસની ટોપલી અને સૂપમાં ફળ, ફૂલ અને પૂજાની અન્ય સામગ્રી રાખવામાં આવે છે. સાંજે વ્રત કરનાર પરિવાર સાથે નદી, તળાવ કે અન્ય જળાશયના કિનારે પહોંચે છે. ત્યારબાદ પાણીમાં ઊભા રહીને આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. આ વખતે ૧૫ નવેમ્બરે સાંજે ૫ વાગ્યે ૨૪ મિનિટે સંધ્યા અર્ઘ્ય આપવાનો સમય જણાવવામાં આવ્યો છે, આ દિવસે પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે, છઠ પર્વનો ચોથો અને છેલ્લો દિવસ ૧૬ નવેમ્બરે છે. આ દિવસે સવારે ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. પંચાંગ અનુસાર, ૧૬ નવેમ્બરે સવારે ૬ વાગ્યે ૪૩ મિનિટે સૂર્યોદય થશે. સૂર્યદેવને અર્ઘ્ય આપ્યા બાદ વ્રતના પારણા કરવામાં આવશે અને ચાર દિવસના છઠ મહાપર્વનું સમાપન થશે.

UAEમાં ગોઝારો અકસ્માત: ૨૩ વાહનો એકબીજા સાથે અથડાતાં ભારતીયો સહિત ૧૪ લોકોનાં મોત

ભારત, UAE, ઓમાન, બ્રાઝિલ, પાકિસ્તાન, જોર્ડન અને ઈજિપ્તના નાગરિકો અકસ્માતનો ભોગ બન્યા

ફુજૈરા,

વિદેશની ધરતી પર ફરી એકવાર ગમખ્વાર માર્ગ અકસ્માતે અનેક પરિવારોમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. સંયુક્ત આરબ અમીરાત (UAE)ના ફુજૈરામાં ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં એકસાથે ૨૩ વાહનો એકબીજા સાથે અથડાતાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં ભારતીય નાગરિકો સહિત કુલ ૧૪ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા છે. અકસ્માત બાદ અનેક વાહનોમાં આગ લાગી હતી અને ઘટનાસ્થળે બચાવ કામગીરી માટે ઈમરજન્સી ટીમો દોડી આવી હતી.

મળતી માહિતી અનુસાર, UAEના ફુજૈરા અમીરાતમાં એક બેકાબૂ ટ્રકે અનેક વાહનોને અડફેટે લીધાં હતાં. ટ્રકની ટક્કર બાદ એક પછી એક વાહનો અથડાતાં કુલ ૨૩ વાહનો અકસ્માતનો ભોગ બન્યાં હતાં. ટક્કર એટલી ભયાનક હતી કે અનેક વાહનોમાં આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં ભારતીય નાગરિકો ઉપરાંત UAEના સ્થાનિક નાગરિકોનાં પણ મોત થયાં છે. UAE સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે મૃતકોમાં ભારતીય નાગરિકો હોવાની પુષ્ટિ કરી છે, સાથે જ મૃતકોના પરિવારોને શક્ય તમામ મદદ પૂરી પાડવાની ખાતરી આપી છે.

અકસમાતમાં ઘાયલ થયેલા લોકોમાં ભારત, UAE, ઓમાન, બ્રાઝિલ, પાકિસ્તાન, જોર્ડન અને ઈજિપ્તના નાગરિકોનો સમાવેશ થાય છે. UAEના ગૃહ મંત્રાલયે આ અંગે પ્રાથમિક માહિતી આપી છે, અકસ્માતની જાણ થતાં જ ઈમરજન્સી અને વિશેષ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને મદદ પહોંચાડવા અને અકસ્માતની અસરને નિયંત્રિત કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, અકસ્માત કયા ચોક્કસ કારણોસર થયો અને વાહનો એકબીજા સાથે કેવી રીતે અથડાયાં તેની વિગતવાર તપાસ ચાલી રહી છે. આ ભયાનક અકસ્માતે છઈમાં માર્ગ સુરક્ષાને લઈને ફરી ગંભીર સવાલો ઊભા કર્યા છે

પાકિસ્તાની સૈન્યના કેમ્પ ઉપર હુમલો, વિસ્ફોટથી ૫ સૈનિકો સહિત ૮ના મોત

વિસ્ફોટ બાદ સુરક્ષા સેનાનીઓ અને વિદ્રોહીઓ વચ્ચે ભીષણ ગોળીબાર

બલુચિસ્તાન,

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનના મસ્તુંગ જિલ્લામાં બલૂચ વિદ્રોહીઓ દ્વારા સેનાની એક સુરક્ષા ચોકી પર ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં ૫ સુરક્ષાકર્મીઓ અને ૨ મહિલાઓ તથા ૧ બાળક સહિત ૩ સામાન્ય નાગરિકો એમ કુલ ૮ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આ હુમલો વર્ષ ૨૦૧૯ના ભારતના પુલવામા હુમલા જેવો જ હોવાનું સામે આવ્યું છે, જેમાં વિસ્ફોટકોથી ભરેલી ગાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મસ્તુંગ જિલ્લાના કનક વિસ્તારમાં આવેલા કંદવાહ સુરક્ષા ચેકપોઇન્ટને નિશાન બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ વિસ્ફોટકોથી ભરેલી એક ગાડી ચેક પોસ્ટની બહારની દિવાલ સાથે અથડાવી દીધી હતી. ધડાકો એટલો શક્તિશાળી હતો કે તેનાથી સેનાની ચોકીની સાથે-સાથે આસપાસના રહેણાંક વિસ્તારોના મકાનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. આ વિસ્ફોટની ઝપેટમાં આવવાથી બે મહિલાઓ અને એક બાળકનું પણ મોત નીપજ્યું હતું.

રિપોર્ટ અનુસાર, હુમલાખોરોનો મુખ્ય હેતુ વિસ્ફોટ કરીને સુરક્ષા ઘેરો તોડવાનો અને મિલિટ્રી કેમ્પની અંદર ઘૂસવાનો હતો. જોકે, ધડાકા બાદ તરત જ ત્યાં તૈનાત સુરક્ષા સેનાનીઓએ મોરચો સંભાળી લીધો હતો અને હુમલાખોરોને અંદર ઘૂસતા અટકાવ્યા હતા. સુરક્ષાદળની જવાબી કાર્યવાહીમાં ૩ વિદ્રોહીઓ પણ માર્યા ગયા હતા, જેના કારણે સેનાની ચોકી પર કબજો કરવાની તેમની નાપાક કોશિશ નિષ્ફળ ગઈ હતી.

આ ભયાનક હુમલા બાદ ફ્રન્ટિયર કોર્પ્સના જવાનો અને સ્થાનિક પ્રશાસનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ ટીમોએ કાટમાળ હટાવવાનું અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવાનું કામ શરૂ કર્યું હતું. સુરક્ષાદળોએ કનક સેક્ટરને ચારેય બાજુથી ઘેરી લીધું છે અને ગોળીબાર દરમિયાન નાસી છૂટેલા શંકાસ્પદ હુમલાખોરોની શોધખોળ માટે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

જામનગર શહેરમાં દિવાળીના ત્રણ દિવસમાં આગના ૧૧૬ બનાવો

સાડા સાત લાખ લિટર પાણીનો મારો કરી આગ પર મેળવ્યો કાબૂ, ૧૨૫થી વધુ ફેરા સાથે ફાયર જવાનોની રાત-દિવસ દોડધામ









જામનગર : દિવાળીના પર્વે ફટાકડાની આતશબાજી વચ્ચે જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં આગના બનાવોએ ફાયર બ્રિગેડની ભારે કસોટી કરી હતી. દિવાળી, પડતર દિવસ અને બેસતા વર્ષ એમ ત્રણ દિવસ દરમિયાન આગના નાના-મોટા કુલ ૧૧૬ બનાવો સામે આવ્યા હતા. સતત મળતા ફાયર કોલ વચ્ચે મહાનગરપાલિકાના ફાયર વિભાગના જવાનોને રાત-દિવસ દોડધામ કરવી પડી હતી. આ ત્રણ દિવસમાં આગ બુઝાવવા માટે આશરે સાડા સાત લાખ લિટર પાણીનો ઉપયોગ કરવાની સાથે પાણીનાં ૧૨૫થી વધુ ફેરા કરવામાં આવ્યા હતા. દિવાળીના દિવસોમાં ફટાકડાના કારણે આગના બનાવો વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા વિશેષ આયોજન કરાયું હતું. શહેરને નવ અલગ-અલગ વિસ્તારોમાં વહેંચી દરેક સ્થળે ફાયર ફાઇટર વાહનો અને જવાનોને તૈનાત રાખવામાં આવ્યા હતા. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ આગનો કોલ મળતાં જ નજીકની ટીમને ઘટનાસ્થળે પહોંચાડી શકાય તેવો હતો. આગના બનાવોની સંખ્યા વધુ હોવા છતાં ફાયર વિભાગે પાણીની વ્યવસ્થા પણ સતત જાળવી રાખી હતી. ત્રણ દિવસ દરમિયાન આશરે ૭.૫ લાખ લિટર પાણીનો ઉપયોગ થયો હતો. ફાયર ટેન્કરો દ્વારા ૧૨૫થી વધુ ફેરા કરી અલગ-અલગ સ્થળોએ આવેલા પાણીના સંપ અને પંપહાઉસમાંથી પાણી ભરી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જરૂરિયાત મુજબ કેટલીક જગ્યાએ પીજીવીસીએલની ટીમની પણ મદદ લેવામાં આવી હતી.

નોંધનીય છે કે કુલ ૧૧૬ બનાવોમાં મોટા ભાગની જગ્યાએ એક જ પાણીના ટેન્કરથી આગને કાબૂમાં લેવામાં આવી હતી. જોકે, આશરે ૧૫ જેટલા સ્થળોએ આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું હોવાથી બે થી ત્રણ ટેન્કરોની મદદ લેવી પડી હતી. વાલસુરા રોડ પર આવેલી રોજી વીડી વિસ્તારમાં ફટાકડાનો તણખો પડતાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગને કાબૂમાં લેવા માટે જામનગર ફાયર બ્રિગેડનાં ચાર પાણીનાં ટેન્કરોને કામે લગાડવામાં આવ્યાં હતાં, જ્યારે વાલસુરા તરફથી પણ એક ફાયર ફાઇટર વાહન પાણી સાથે મદદે પહોંચ્યું હતું. અનેક વાહનોની સંયુક્ત કામગીરી બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. દિવાળીના ત્રણ દિવસ દરમિયાન ફાયર વિભાગની સૌથી મહત્ત્વપૂર્ણ કામગીરી તેની ઝડપી પ્રતિસાદ વ્યવસ્થા રહી હતી. આગનો કોલ મળ્યા બાદ ફાયર બ્રિગેડનો ટર્નઆઉટ ટાઇમ માત્ર એક મિનિટનો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. એટલે કે કોલ મળતાં જ એક મિનિટની અંદર ફાયર વાહન સાથે જવાનોને રવાના કરી દેવાની વ્યવસ્થા હતી.

જામનગરમાં મિત્રને માર મારતા છોડાવવા પડેલ યુવકને ચાર શખ્સોએ માર્યો ઢીકો

જામનગર : જામનગરના રામેશ્વરનગર વિસ્તારમાં ગોકુલ મેડિકલ પાસે મોડી રાત્રે ચાર શખ્સોએ એક યુવક સાથે મારામારી કરી હતી. પોતાના મિત્રને માર મારવામાં આવતો હોવાથી છોડાવવા વચ્ચે પડેલા બીજા યુવકને પણ આરોપીઓએ ઢીકા-પાટુનો માર મારી માથામાં ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં જાળીવાળા કૂવા પાસે રહેતા અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા ભાગ્યરાજસિંહ સંજયસિંહ સોલંકી (ઉંમર ૨૦) ગઈકાલે રાત્રે આશરે દોઢેક વાગ્યાના અરસામાં પોતાના મિત્ર નાગરાજસિંહ વાળા સાથે એક્ટિવા પર જઈ રહ્યા હતા. દરમિયાન રામેશ્વરનગરમાં ગોકુલ મેડિકલ પાસે માણસોનું ટોળું એકત્ર થયેલું જોવા મળતાં તેઓ ત્યાં ઊભા રહ્યા હતા.

તે દરમિયાન ટોળામાંથી દીવલો બાડો, રવિ કંચવા, તેનો ભાઈ રાજ કંચવા અને વનરાજ નામના ચાર શખ્સો બહાર આવ્યા હતા અને નાગરાજસિંહ વાળાને ગાળો ભાંડી ઝાપટો મારવા લાગ્યા હતા. આથી ભાગ્યરાજસિંહ પોતાના મિત્રને છોડાવવા વચ્ચે પડતાં દીવલા બાડોએ તેને વચ્ચે નહીં પડવા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેને પાટુ મારતાં તે નીચે પડી ગયો હતો અને માથામાં મૂઢ ઈજા થતાં ચક્કર આવવા લાગ્યાં હતાં.

બનાવ સ્થળે એકત્ર થયેલા લોકોએ બંને યુવકોને વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ ભાગ્યરાજસિંહે પોતાના મિત્રને ફોન કરીને બોલાવતાં તે આવી પહોંચ્યો હતો અને તેને સાથે રાખીને જી.જી. હોસ્પિટલમાં સારવાર લીધી હતી. સારવાર બાદ ભાગ્યરાજસિંહે દીવલો બાડો સહિત ચારેય શખ્સો સામે સીટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) અને ૫૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગરમાં હાઉસિંગના મકાનોની છતનો જર્જરિત હિસ્સો તૂટી પડતા વૃદ્ધ દંપતી ઘાયલ

જામનગર : જામનગરમાં જર્જરિત મકાનમાં પોપડા પડવાની દુર્ઘટના અટકવાનું નામ લેતી નથી. તેવામાં રણજીતનગર વિસ્તારમાં એનસીસી સ્કૂલ પાસે આવેલા હાઉસિંગના મકાનની છતનો જર્જરીત હિસ્સો તૂટી પડતા દુર્ઘટના વૃદ્ધ દંપતીને ઈજા થઇ હતી. જેને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.





શહેરના રણજીતનગર વિસ્તારમાં હાઉસિંગના મકાનની છતનો અમુક હિસ્સો તૂટી પડતા ધીરજલાલ ઘોરધનદાસ કારિયા (ઉ.વ. ૬૦)ને માથાના ભાગે ઈજા પહોંચી હતી, જ્યારે તેમનાં પત્ની પરફુલાબેન કારિયા (ઉ.વ. ૬૦)ને પણ શરીરે નાની મોટી ઈજા થતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. બંનેને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બંને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં આસપાસના વિસ્તારમાં લોકો એકત્ર થઈ ગયા હતા. નોંધનીય છે કે બે દિવસ અગાઉ તા.૭ ના રોજ ગુરુદ્વારા નજીક મકાનનો જર્જરિત હિસ્સો તૂટી પડતા એક મહિલાનું મોત થયાની ઘટના બાદ વધુ એક દુર્ઘટનાને પગલે દોડધામ મચી હતી.

ફલ્લા પાસે કાળ બનીને આવેલી કારની ઠોકરે ધ્રોલના આધેડનું મોત

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે પર ફલ્લા ગામ નજીક સમરા બાપાની ડેરી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાળ બનીને આવેલી બેકાબૂ કારે પાછળથી સ્કૂટરને ટક્કર મારતા અકસ્માતમાં ધ્રોલના ૬૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. અકસ્માત બાદ આરોપી કાર ચાલક નાશી જતા મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ધ્રોલની ભવ્ય ગ્રીન સોસાયટીમાં રહેતા રમેશભાઈ પોપટભાઈ જાકાસણીયા (ઉ.વ.૬૫) તા.૬ નવેમ્બરના રોજ સવારે પોતાનું સ્કૂટર લઈ ફલ્લા નજીક આવેલી ખેતીની જમીને જઈ રહ્યા હતા, એ વેળાએ રાજકોટ જામનગર હાઈવે પરના ફલ્લા ગામથી થોડે આગળ સમરા બાપાના ડેરી પાસે પહોચતા રાજકોટ તરફથી આવતી એક કારનાચાલકે પૂરઝડપે વાહન હંકારી અડફેટે લીધા હતા.

કારચાલકે સ્ટેરીંગ પરનું નિયંત્રણ ગુમાવી પાછળથી એક્ટિવાને જોરદાર ટક્કર મારતા અકસ્માતમાં રમેશભાઈ રોડ પર પટકાઈ પડ્યા હતા અને તેઓને માથાના ભાગે હેમરેજ સહિત જમણા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી તાત્કાલિક ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે. આ અંગે ફર્નિચરનું કારખાનું ધરાવતા પુત્ર સુરેશભાઈ રમેશભાઈ જાકાસણીયાએ પંચકોશી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગરમાં પત્ની અને પુત્રીના વિયોગમાં વૃદ્ધે ગળાફાંસો ખાઈ મોત વ્હાલું કર્યું

જામનગર : જામનગરના ખોજા ગેઈટ નજીક ટીટોડીવાડી વિસ્તારમાં પત્ની અને પુત્રીના અવસાન બાદ એકલવાયું જીવન જીવતા ૬૬ વર્ષીય વૃદ્ધે પત્ની અને પુત્રીના વિયોગમાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

શહેરના ખોજા ગેઈટ ટીટોડીવાડી વિસ્તારમાં રહેતા એહમદઅમીન હુશેનભાઈ આમરોણીયા (ઉ.વ. ૬૬)નાં પત્ની નુરઝહાબેનનું વર્ષ ૨૦૧૯માં અવસાન થયું હતું. ત્યારબાદ તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ તેમની પુત્રી શાહીનબેનનું પણ અવસાન થતાં બંનેના વિયોગમાં એહમદઅમીન વ્યથિત રહેતા હતા. છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશનમાં રહેતા અને એકલવાયા જીવનથી કંટાળી જઈ મનમાં લાગી આવતાં તોએએ પોતાના ઘરે રૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધું હતું. મૃતકના પુત્ર અહેમદનવાઝએ પોલીસમાં જાણ કરતા પોલીસે દોડી જઈ મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કાલાવડના જશાપર ગામે ઝાડ કાપવા બાબતે ખેડૂત પર શખ્સનો હુમલો

આંબાનું ઝાડ કાપી નાખજે નહિતર હું તને કાપી નાખીશ કહી ધમકી આપી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના જશાપર ગામમાં આંબાનું ઝાડ કાપવા બાબતે આરોપીએ ખેડૂતની ડોક મરડી આડેધડ મુક્કા માર્યાની ફરિયાદ નોંધાઈ છે. આંબાનું ઝાડ કાપી નાખજે નહિતર હું તને કાપી નાખીશ તેવી ધમકી આપતા પોલીસે ગામના જ શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાલાવડના જશાપર ગામમાં રહેતા અને ખેતીકામ કરતા વિઠ્ઠલભાઈ ખોડાભાઈ કાછડીયા (ઉ.વ.૫૬)ના ફળિયામાં રહેલુ આંબાનું ઝાડ આરોપી કાંતી દેવશીભાઈ લીંબાસીયાને અવરજવરમાં નડતુ હતું. આથી આરોપીએ ઝાડ કાપી નાખવાનું કહ્યા બાદ વિઠ્ઠલભાઈએ નડતરરૂપ આંબાની ડાળીઓ કાપી નાખી હતી. છતાં પણ આરોપીએ આખું ઝાડ કાપી નાખવાની જીદ કરી હતી.વિઠ્ઠલભાઈએ ઝાડ કાપવાની ના પાડતા કાંતી લીબાસીયા ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદીને ગાળો ભાંડી મારવા દોડી જઈ ઝપાઝપી કરી હતી. બાદમાં ધક્કો મારી નીચે પાડી દઈ ફરિયાદી ઉપર ચડી જઈ તેની ડોક મરડી નાખી હતી. મોઢા અને નાક ઉપર આડેધડ મુક્કા મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. એટલું જ નહી, આંબાનું ઝાડ કાપી નાખજે, નહીતર તને કાપી નાખીશ તેવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે વિઠ્ઠલભાઈ કાછડીયાની ફરિયાદના આધારે કાલાવડ ટાઉન પોલીસ મથકમાં આરોપી કાંતી દેવશીભાઈ લીબાસીયા સામે ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

જામનગરના રણજીતનગર વિસ્તારમાં રોઝડું દેખાતા લોકોમાં કુતૂહલ



જામનગર : જામનગર શહેરના મધ્ય વિસ્તારમાં આવેલા રણજીતનગર સુધી એક વિશાળ રોઝડું આવી પહોંચતાં સ્થાનિક રહીશોમાં ભારે કુતૂહલ અને આશ્ચર્ય ફેલાયું હતું. શહેરના રહેણાક વિસ્તારમાં અચાનક જંગલી પ્રાણી નજરે પડતાં લોકો તેને જોવા માટે એકત્ર થયા હતા. વહેલી સવારે રોઝડું શહેરના વિવિધ વિસ્તારોમાં લટાર મારતું જોવા મળતાં લોકોમાં આશ્ચર્ય સાથે દોડધામ પણ મચી હતી. શહેરી વિસ્તારમાં વન્યપ્રાણી આવી પહોંચ્યાની જાણ તાત્કાલિક વન વિભાગને કરવામાં આવતાં વનતંત્ર સફાળું જાગ્યું હતું અને ટીમને સ્થળ પર દોડતી કરવામાં આવી હતી.

શહેરના ગીચ રહેણાક વિસ્તારમાં વિશાળ રોઝડું આવી પહોંચવાની ઘટનાએ નગરજનોમાં ભારે ચર્ચા જગાવી હતી. જોકે, વન્યપ્રાણીને કોઈ નુકસાન ન પહોંચે અને નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે વન વિભાગ દ્વારા સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જામનગરના ગુરુદ્વારા નજીક જર્જરિત ફ્લેટનો રવેશ જમીનદોસ્ત થતા મહિલાનું મોત

જામનગરમાં ગુરુદ્વારા ચોકડી પાસે આવેલી જાડેજા એસ્ટેટ સોસાયટીના પહેલા માળની ગેલેરીમાં ઉભેલા પરિણિતા ઉપર બીજા માળની ગેલેરી પડતાં તેણીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયાની ઘટનાથી તહેવારમાં જ આવી ઘટના બનતાં સોસાયટીમાં શોકની લાગણી વ્યાપી છે.

આ બનાવની વિગતો એવી છે કે, ક્રિકેટ બંગલા શેરી નંબર-૧ / એ, ગુરુદ્વારા ચોકડી પાસે આવેલી જાડેજા એસ્ટેટનના બ્લોક નંબર-૪ અને રૂમનંબર-૪૨ માં રહેતા વર્ષાબા અભિરાજસિંહ જાડેજા તા.૭ ની બપોરે પોતાની ગેલેરીમાં ઉભા હતા ત્યારે તેણી ઉપર બીજા માળની ગેલેરી પડતાં તેઓ દબાઈ ગયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાથી તેણીનું મૃત્યુ થયું હતું. પોલીસે આ ઘટના અંગે અભિરાજસિંહનું નિવેદન નોંધીને તપાસ હાથ ધરી છે. દીવાળીના આગલા દિવસે જ આવી દુ:ખદ ઘટના બની જતાં જાડેજા એસ્ટેટ સોસાયટીના સંખ્યાબંધ બ્લોક્સમાં ફ્લેટ ધારકોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

દુર્ઘટના બાદ મકાનના બાકીના જર્જરિત ભાગમાંથી વધુ કોઈ જાનહાનિ ન થાય અને સલામતીનું જોખમ ઊભું ન થાય તે માટે ફાયર બ્રિગેડ દ્વારા સાવચેતીના પગલારૂપે ઊભા રહેલા જર્જરિત ભાગને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.





જામનગરમાં ફટાકડા ફોડવાના બનાવમાં બાળક અને તરુણ સહિત આઠ દાઝ્યા

જામનગર : દિવાળીના પર્વની ઉજવણી દરમિયાન ફટાકડા ફોડવાની આતશબાજીમાં જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં આગથી દાઝી જવાના આઠ બનાવો નોંધાયા છે. જેમાં એક બાળક અને એક તરુણને વધુ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દિવાળીની ઉજવણીના ભાગરૂપે ફટાકડા ફોડવાની શરૂઆત થતાં જ શહેર તથા આસપાસના વિસ્તારોમાં આતશબાજીનો માહોલ જામ્યો હતો. આ દરમિયાન ફટાકડાના કારણે આગથી દાઝી જવાના બનાવો પણ બન્યા હતા.

આ બનાવોમાં દાઝી ગયેલા કુલ આઠ વ્યક્તિઓ સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જેમાં છ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થઈ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી હતી. જ્યારે એક બાળક અને એક તરુણને વધુ સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને હાલ તેઓ સારવાર હેઠળ છે.

જોકે, ખાનગી હોસ્પિટલોમાં ફટાકડાથી દાઝી જવાના બનાવોમાં કેટલા દર્દીઓએ સારવાર લીધી છે, તેની વિગતો ઉપલબ્ધ થઈ શકી નથી. આમ, સરકારી હોસ્પિટલના આંકડા મુજબ દિવાળીની આતશબાજી દરમિયાન દાઝી જવાના આઠ બનાવો નોંધાયા છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

જામનગરના પોલીસ હેડક્વાર્ટર ખાતે દિવાળી પર્વની ઉજવણી

એસ.પી. પરિવાર તેમજ ડીવાયએસપી, પી.આઈ., પીએસઆઈ સહિતનાઓની ઉપસ્થિતિ : જવાનો અને પરિવારજનો સાથે ફટાકડા ફોડી દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી



જામનગર : જામનગર જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ખાતે દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો સાથે તહેવારની ખુશીઓ વહેંચી હતી.

દિવાળીના દિવસે જામનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી ઉજવણીમાં જિલ્લા પોલીસ વડા પોતાના પરિવાર સાથે સજોડે ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ અધિકારીઓ, જવાનો તથા તેમના પરિવારજનો સાથે ફટાકડા ફોડીને દીપોત્સવી પર્વની ઉજવણી કરી હતી. જેમાં એએસપી પ્રતિભા, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, પિયુષ વાંદા, મીત રુદલાલ, એલસીબી પીઆઈ વી.બી. ચૌધરી સહિત જામનગર શહેર અને જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોના પીઆઈ, પીએસઆઈ, પોલીસ કર્મચારીઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તહેવારોના દિવસોમાં સામાન્ય નાગરિકો પોતાના પરિવાર સાથે દિવાળીની ખુશીઓ માણતા હોય છે, ત્યારે પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પ્રજાની સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે સતત ફરજ પર તૈનાત રહે છે. અનેક પોલીસ જવાનોને તહેવારના દિવસે પણ ફરજના ભાગરૂપે પોતાના પરિવારથી દૂર રહેવું પડતું હોય છે.

આવા સંજોગોમાં પોલીસ જવાનો અને તેમના પરિવારજનો પણ તહેવારની ખુશીઓમાં સહભાગી બની શકે અને તેમની વચ્ચે પારિવારિક ભાવના વધુ મજબૂત બને તેવા હેતુથી જિલ્લા પોલીસ વડાએ પોલીસ પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

આ પ્રસંગે ડો. રવિ મોહન સૈનીએ ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોને મીઠાઈનું વિતરણ કરી દિવાળી તથા નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

દ્વારકામાં ભીડનો લાભ લઈ યાત્રિકોના ખિસ્સા હળવા કરતી ટોળકી ઝડપાઈ



ખંભાળિયા : યાત્રાધામ દ્વારકામાં દિવાળીના વેકેશન દરમિયાન દ્વારકાધીશ મંદિરે દર્શનાર્થે આવતા યાત્રાળુઓની ભીડનો લાભ લઈ ખિસ્સાકાતરું કરતી હોવાની શંકાસ્પદ ટોળકીના છ શખ્સોને દ્વારકા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ. ૧.૪૦ લાખની રોકડ, પાંચ મોબાઈલ ફોન અને સ્વિફ્ટ કાર સહિત કુલ રૂ. ૩.૮૧ લાખનો મુદ્દામાલ કબજે કરી તમામ સામે ગુનો નોંધ્યો છે.

આ સમગ્ર પ્રકરણની પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકા પોલીસનો સર્વેલન્સ સ્ટાફ દિવાળીના વેકેશનને અનુલક્ષીને ટ્રાફિક બંદોબસ્તની ફરજમાં હતો, તે દરમિયાન બુધવારે દ્વારકાધીશ મંદિર તથા આસપાસના વિસ્તારમાં દર્શનાર્થીઓની ભીડનો લાભ લઈ કેટલાક શખ્સો ખિસ્સાકાતરું કરતા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે શકમંદોની તપાસ હાથ ધરતાં છ શખ્સો મળી આવ્યા હતા.

આ બનાવમાં પોલીસે રાજકોટના રાજેશ ગોવિંદભાઈ મકવાણા, મેહુલ બાબુલાલ ટંકારીયા, રવી રમેશભાઈ કનોજીયા, નુરમામદ હુસેનભાઈ માલાણી, જીતેન્દ્રસિંહ ભૂપેન્દ્રસિંહ સરવૈયા તથા જૂનાગઢના બાબુ મગનભાઈ પરમાર સામે કાર્યવાહી કરી, આ તમામ છ શખ્સોની અટકાયત કરી લેવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રૂ. ૧,૪૦,૦૦૦ની રોકડ રકમ સાથે રૂ. ૪૧,૦૦૦ની કિંમતના પાંચ મોબાઈલ ફોન તથા રૂ. બે લાખની કિંમતની સ્વિફ્ટ કાર મળી કુલ રૂ. ૩,૮૧,૦૦૦નો મુદ્દામાલ શંકાસ્પદ મિલકત તરીકે પોલીસે કબજે લીધો હતો.

આરોપી રાજેશ ગોવિંદ મકવાણા સામે રાજકોટ રેલવે પોલીસ મથક સહિતના બે ગુનાઓ તેમજ અન્ય આરોપી મેહુલ બાબુલાલ ટંકારીયા સામે રાજકોટ સીટી એ ડિવિઝન, ગોંડલ સીટી પોલીસ તેમજ ચોટીલા પોલીસ મથકમાં પણ બે ગુનાઓ મળી કુલ પાંચ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે અન્ય એક આરોપી બાબુ મગન પરમાર સામે વંથલી, વેરાવળ અને જેતપુરમાં જુદા જુદા ત્રણ ગુનાઓ સહિત તેની સામે અગાઉ પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હોવાનું વધુમાં જાહેર થયું છે.

જોડિયાના પડાણામાં તુફાન વાહનમાં દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

૭૦ બોટલ દારૂ અને તુફાન વાહન સહિત રૂ. ૨.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા પોલીસ સ્ટેશનની ટીમે પડાણા ગામના બસ સ્ટેશન પાસે રોડ પર વિદેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા આરોપીની તુફાન ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૦ બોટલ કબજે કરવામાં આવી હતી. આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી તુફાન ગાડી અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨,૧૫,૫૦૦નો મુદ્દામાલ જમ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, જોડીયા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અનિલભાઈ બાબુભાઈ સોઢીયાને મળેલી બાતમી દરમિયાન તા.૧૨ નવેમ્બરની રાત્રે પડાણા ગામના બસ સ્ટેશન પાસે રોડ પર વાહન ચેકિંગ અને દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન તુફાન ગાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની શંકાસ્પદ હેરાફેરી કરતા રાકેશ ફુલસિંગ અજનાર (ઉ.વ.૨૭), હાલ રહે. ગાળા ગામ, તા.જી. મોરબી, મૂળ રહે. લક્ષ્મણ ફળિયું, છોટી ઉતી ગામ, તા. જોબટ, જી. અલીરાજપુર (મધ્યપ્રદેશ)ને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની સીલબંધ બોટલ નંગ ૭૦, કિંમત રૂ.૧૦,૫૦૦, તુફાન ગાડી કિંમત રૂ.૨ લાખ તથા વિવો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦ મળી કુલ રૂ.૨,૧૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જામનગર જિલ્લામાં દિવાળીના તહેવાર દરમિયાન મારામારી, હુમલાના પાંચ બનાવ

ગાળો બોલવાની ના પાડતાં છરીથી જીવલેણ હુમલો, જૂની અદાવતમાં બે જૂથો વચ્ચે ધોકા-પાઈપથી મારામારી, કારમાં તોડફોડની ફરિયાદ





જામનગર : દિવાળી, નવા વર્ષ સહિતના તહેવારો દરમિયાન જામનગર શહેર અને જિલ્લામાં હુમલા મારામારીની પાંચ ઘટના નોંધાઈ છે. જૂની અદાવત, સામાન્ય બોલાચાલી તથા અંગત મનદુઃખએ. લોહિયાળ રૂપ ધારણ કરતા આરોપીઓ સામે ગુનો નોંધાયા બાદ કાયદો-વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે.

પાંચેય બનાવોમાં પોલીસે ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગરના ગણેશવાસ કિશાન ચોક વિસ્તારમાં રહેતા જેરામભાઈ કારાભાઈ શેખા (ઉ.વ. ૩૦) ગત તા. ૯ના રોજ સવારે ઘર પાસે હતા, ત્યારે સુમરાચાળી વિસ્તારમાં રહેતા મનસુખ ત્રિકમભાઈ સાગઠિયા ગાળો બોલતા હતા. જેરામભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા મનસુખભાઈએ થેલીમાંથી છરી કાઢી પેટ અને છાતી વચ્ચે ઘા ઝીંક્યો હતો. વધુ ઘા મારવાનો પ્રયાસ કરતાં બચાવમાં હાથ વચ્ચે ધરતાં બંને હાથના કાંડા પાસે ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવ અંગે જેરામભાઈની ફરિયાદ પરથી સિટી-એ ડિવિઝન પોલીસે મનસુખભાઈ સાગઠિયા સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જોગવડ પાટિયા પાસે દેપાણી હોટેલ નજીક નરેન્દ્રભાઈ ઉર્ફે મુન્નાભાઈ ગાંગારામભાઈ વાસુના પુત્ર, ભત્રીજા અને ભાણેજને સ્કોર્પિયો કાર આડી કરી રોકી આરોપી કરશન આલાભાઈ વાઘેલા, વરશીગ ભાંગરા સહિત અન્ય પાંચ અજાણ્યા શખ્સોએ માર માર્યો હતો. ત્યારબાદ સમાધાનના બહાને બોલાવી નરેન્દ્રભાઈ સહિતના લોકો પર લાકડાના ધોકાથી હુમલો કરાયો હતો, સામા પક્ષે કરશનભાઈ આલાભાઈ વાઘેલા (રહે. જોગવડ પાટિયા) એ આરોપી નરેન્દ્ર વાસુ, ધવલ વાસુ, સુમિત વાસુ, વિજય ભટ્ટ, જીતાભાઈ વાસુ સહિત અન્ય ત્રણ શખ્સો સામે લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરી તેમને શરીરે ઈજાઓ પહોંચાડયાના આરોપ સાથેની ફરિયાદ નોંધાવી છે.

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં રાજ ચેમ્બર સામે બુલેટ મોટરસાઈકલ આડું રાખી કાર રોક્યા બાદ ફિલ્મી ઢબે ૭ શખ્સોએ કારના કાચ, દરવાજા અને લાઈટમાં નુકસાન પહોંચાડ્યું હતું. હુમલામાં કારચાલક યુવાન તથા તેની સાથે રહેલા સાથીને ઈજાઓ પહોંચી હતી. આ દરમિયાન મોબાઈલ ઝૂંટવવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ અપાઈ હતી. બનાવ અંગે લાલપુર તાલુકાના જોગવડ ગામના ધવલ વાસુની ફરિયાદ પરથી હરજી રબારી, કિશન ખાભલા, વિજય રબારી, રાજ રબારી સહિત સાત શખ્સો સામે સીટી-સી ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો છે. જૂના ઝઘડાની અદાવતમાં બનેલી આ ઘટનાની વધુ

લાલપુર તાલુકાના પીપળી ગામે મકાનની દિવાલ ઊંચી કરવા બાબતે ચાલતા જૂના મનદુઃખમાં કુટુંબી મોટાબાપાએ ૭૦ વર્ષના વૃદ્ધને માથામાં પથ્થર મારતાં ગંભીર ઈજા પહોંચી હતી. વાડા તરફ જવાના રસ્તામાં દિવાલ ઊંચી કરવા મુદ્દે બંને પરિવારો વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. આ મુદ્દે ગાળો બોલવા બાબતે બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા ગયેલા ચના મકવાણાએ ગોવિંદભાઈ હીરાભાઈ મકવાણા (ઉ.વ. ૭૦)ના માથામાં પથ્થરનો ઘા ઝીંક્યો હતો. હેમરેજની ઈજા થતાં વૃદ્ધને બેભાન હાલતમાં જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામજોધપુર તાલુકાના વાલાસણ ગામે ગરબીની મિટિંગમાં થયેલી જૂની બોલાચાલીનો ખાર રાખી દુકાનદાર પર બે શખ્સોએ હુમલો કરાયો હતો. વાલાસણ ગામે રહેતા અને ખેતીકામ સાથે દુકાનનો વ્યવસાય કરતા અમીતભાઈ પ્રફુલભાઈ ભડાણીયા (ઉ.વ. ૪૩)ને આશરે એક મહિના પહેલાં પટેલ સમાજની ગરબીની મિટિંગમાં રાજભાઈ સાપરીયા સાથે બોલાચાલી થઈ હતી. આ અદાવત રાખી ગત તા. ૮ના રાત્રે રાજભાઈ સંજયભાઈ સાપરીયા અને ઓમભાઈ કૈલાશભાઈ સાપરીયાએ દુકાન પાસે બોલાચાલી કરી અમીતભાઈને માર માર્યો હતો. હાથમાં પહેરેલા કડાથી હુમલો કરતાં ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જામનગર હાઈવે પર જોખમી રીતે બાઈક ચલાવતો સ્ટંટબાજ પકડાયો



જામનગર : જામનગર-ખંભાળિયા હાઈવે પર જોખમી રીતે બાઈક ચલાવી સ્ટંટ કરતા યુવકનો વીડિયો વાયરલ થયા બાદ સિક્કા પોલીસ દોડતી થઈ હતી. પોલીસે ગણતરીની કલાકમાં સ્ટંટબાજને પકડી પાડ્યા બાદ તેમને નિયમના પાઠ ભણાવ્યા હતા.

જામનગર-ખંભાળિયા હાઈવે પર જામનગર તરફથી આવતો એક હોન્ડા સ્પ્લેન્ડર બાઈકચાલક પુરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી રહ્યો હતો. પોતાની સાથે અન્ય રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે બાઈક ચલાવતો હોય અને ચાલુ બાઈક પર સ્ટંટ કરતો હતો. જે અંગેનો વિડિઓ વાયરલ થયા બાદ પોલીસે રવીન્દ્રસિંહ ગોકુલસિંહ રાઠોડ (ઉ.વ.૨૮ રહે. સિક્કા, ગોકુલધામ સોસાયટી) નામના શખ્સને પકડી પાડ્યો હતો. દરમિયાન, વાયરલ થયેલા સ્ટંટના વીડિયો મામલે પોલીસે બાઈકચાલકને પોતાની ભૂલ સમજાવી હતી. યુવકે વીડિયો મારફતે પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં આવું જોખમી કૃત્ય નહીં કરવાની ખાતરી આપી હતી. સાથે જ અન્ય વાહનચાલકોને પણ જાહેર માર્ગો પર આવા સ્ટંટ નહીં કરવા અપીલ કરી હતી.

જામનગરમાં દિવાળીના દિવસે ફટાકડાની મોજ માણતા આઠ દાઝ્યા

જામનગર : જામનગરમાં દિવાળીની ભવ્ય ઉજવણી સાથે ફટાકડા ફોડતી વખતે દાઝી જવાના આઠ કિસ્સાઓ સામે આવ્યા છે. શહેરમાં આગથી દાઝી જવાના આઠ બનાવોમાં એક અને એક તરુણને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય છ વ્યક્તિઓને સામાન્ય દાઝી જતાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપી દેવાઈ હતી.

દિવાળી પર્વની જામનગરમાં ભવ્ય આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ સમી સાંજથી માંડી વ્હેલી સવાર સુધી યુવાઓએ ફટાકડા ફોડી પર્વની મોજ માણી હતી. આ વેળાએ દર વર્ષની માફક શહેર તથા આસપાસના વિસ્તારોમાં ફટાકડાના કારણે આગથી દાઝી જવાના બનાવો પણ નોંધાયા હતા. કુલ આઠ વ્યક્તિઓ સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જેમાં છ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થઈ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી હતી. જ્યારે એક બાળક અને એક તરુણને વધુ સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને હાલ તેઓ સારવાર હેઠળ છે.

દીપક ટોકીઝથી ચાંદી બજાર માર્ગ પર સીસી રોડ બનાવવા સામે વેપારીઓનો વિરોધ





જામનગર : જામનગર શહેરના અતિવ્યસ્ત અને મહત્વના ગણાતા દીપક ટોકીઝથી ચાંદી બજાર સુધીના માર્ગને સીસી રોડ બનાવવાની મહાનગરપાલિકાની યોજના સામે સ્થાનિક વેપારીઓ અને રહેવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ માર્ગ પર સીસી રોડ બનાવવાની કામગીરી હાલ તુરંત બંધ રાખવા અથવા પુનઃવિચારણા કરવાની માંગ સાથે સ્થાનિક વેપારીઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનર, મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના અગ્રણીઓને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, દીપક ટોકીઝથી ચાંદી બજાર સુધીનો આ માર્ગ શહેરના અત્યંત વ્યસ્ત માર્ગો પૈકીનો એક છે, જેની સાથે અનેક મહત્વપૂર્ણ સુવિધાઓ, વ્યવસાયો અને લોકોની રોજીરોટી જોડાયેલી છે. આ માર્ગ પર પોસ્ટ ઓફિસ આવેલી હોવાથી નાગરિકોની દૈનિક અવરજવર માટે આ માર્ગ અત્યંત મહત્વનો છે. ઉપરાંત, આ માર્ગ પર બે મોટા ધાર્મિક આસ્થાના સ્થળો આવેલા હોવાથી દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની અવરજવર રહે છે.આ વિસ્તારમાં અનાજ બજાર સહિત અનેક ચીજવસ્તુઓની હેરાફેરી અને સપ્લાય કરવામાં આવતો હોવાથી જો માર્ગ પર અવરજવર ખોરવાય તો વેપાર-વાણિજ્ય અને સપ્લાય વ્યવસ્થા પર ગંભીર અસર પડી શકે તેમ છે.

ચાલુ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે વેપાર-ધંધા પહેલેથી જ મંદીનો સામનો કરી રહ્યા છે, ત્યારે આવી સ્થિતિમાં વેપાર બંધ રાખવાની કે અવરજવરમાં મુશ્કેલી ઊભી થાય તો વેપારીઓ માટે આર્થિક સંકટ વધુ ગંભીર બની શકે છે.છેલ્લા બે વર્ષના વિકાસ કાર્યોના અનુભવને ધ્યાનમાં લેતા અનેક કામો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થયા ન હોવાથી, જો ફરીથી કોઈ મોટું કામ શરૂ કરવામાં આવે તો સ્થાનિક વેપારીઓ અને રહેવાસીઓએ લાંબા સમય સુધી ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વળી, તંત્ર દ્વારા સૂચવવામાં આવેલા વૈકલ્પિક માર્ગો પર પણ પહેલેથી જ ભારે ટ્રાફિકની સમસ્યા રહેતી હોય, જો આ મુખ્ય માર્ગ બંધ કરવામાં આવે તો ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ શકે તેમ છે. તેથી, જનહિત અને વેપારીઓના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને દીપક ટોકીઝથી ચાંદી બજાર સુધીના માર્ગ પર સીસી રોડ બનાવવાની કામગીરી હાલ પૂરતી બંધ રાખવા અથવા આ માર્ગના વૈકલ્પિક આયોજન અંગે ગંભીરતાથી પુનઃવિચારણા કરવા સ્થાનિક વેપારીઓ દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે.

જામનગર જિલ્લામાં જુગારના ત્રણ દરોડામાં ૧૭ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં જાહેરમાં જામજોધપુર અને દરેડ વિસ્તારમાં રોકડના ખેલ રચતાં ૧૭ શખ્સો પોલીસ પકડમાં આવ્યા છે. રોકડ રકમ સહિત કુલ રૂ. ૮૫,૩૯૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

જામજોધપુર પોલીસે સાતવડ મંદિર પાસે લીમડાના ઝાડ નીચે જુગાર રમતા કેતન ઉર્ફે મીઠો કાંતીભાઈ ઘોડાસરા, પ્રકાશ વીરજીભાઈ પરમાર, પ્રફુલભાઈ સંતોકી, અતુલ નરશીભાઈ ભરડવા, મનોજ રામજીભાઈ માકડિયા, રમેશભાઈ કરશનભાઈ મકવાણા, દર્શિતભાઈ દીપકભાઈ નાગર, વિપુલભાઈ કાંતીભાઈ ઘોડાસરા, હિતેશભાઈ ગોવિંદભાઈ સંતોકી અને જયદીપ ઉર્ફે લાલો રમણીકભાઈ કડીવાર મળી કુલ ૧૦ શખ્સો ઝડપાયા હતા.

જ્યારે સંજયભાઈ ભીખુભાઈ કાંજીયા નામનો એક શખ્સ નાસી છૂટ્યો હતો. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૬૪,૫૬૦ અને ગંજીપત્તાના પાના કબજે કર્યા હતા. આમ, કુલ રૂ. ૬૪,૫૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બીજા દરોડામાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે દરેડ ગામના મસીતીયા રોડ પર શિવમ પાર્કમાં જય હિંગળાજ એન્ટરપ્રાઈઝ પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં દરોડો પાડ્યો હતો. જ્યાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ઈરફાન ફરીયાદહુસેન ખાન, ઈરશાદ અહેમદ મલ્લુશાહ અલવી અને જલીશ જમીરભાઈ કુરેશી મળી ત્રણ શખ્સો ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ. ૧૦,૩૮૦ અને ગંજીપત્તાના પાના મળી કુલ રૂ. ૧૦,૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ત્રીજા દરોડામાં પંચકોશી બી ડિવિઝન પોલીસે દરેડ જીઆઈડીસીના નળી વિસ્તારમાં એપલ કારખાના પાછળ જાહેરમાં દરોડો પાડ્યો હતો. જ્યાં તીનપત્તીનો જુગાર રમતા મીથુન સામધર જાદવ, રામસિંહ કડોરે અહીરવાર, સુરજ લાલજીરવીદાસ જાટવ અને છોટુકુમાર બાબલુભાઈ યાદવ મળી ચાર શ્રમિકો ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૧૦,૪૫૦ અને ગંજીપત્તાના પાના મળી કુલ રૂ. ૧૦,૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દિગજામ સર્કલ પાસે પાણીની તંગી વચ્ચે લાખો લિટર પાણીનો વેડફાટ

નિંદ્રાધિન અધિકારીના બે ધ્યાનને લઈ પાણીનો ટાંકો ઓવરફ્લો થઈ ગયો

જામનગર : દુષ્કાળગ્રસ્ત જામનગરના ઘણા વિસ્તારમાં પાણીની અછતની રાવ ઉઠી રહી છે. ત્યારે નવા વર્ષના પ્રારંભે જ મહાનગરપાલિકાના વોટર વર્ક્સ તંત્રની ભારે ઘોર બેદરકારી સામે આવી છે. શહેરના દીગજામ સર્કલ વિસ્તારમાં આવેલા મહાનગરપાલિકાના પાણીના સમ્પ પર ફરજ પર હાજર રહેલા કર્મચારીની લાપરવાહીને કારણે લાખો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

શહેરના દિગજામ સર્કલ ખાતે આવેલા પાણીના સંપ પર ફરજ પર હાજર રહેલો કર્મચારી ગાઢ નિદ્રામાં પોઢી ગયો હતો, જેને કારણે પાણીનો ટાંકો ઓવરફ્લો થઈ ગયો હતો અને સંપની અંદર તેમજ બહાર પાણી ભરાઈ ગયા હતા. ટાંકો સતત ઉભરાવાને કારણે પાણી રેલાઈને છેક મુખ્ય રોડ સુધી ઉતરી આવ્યા હતા અને દૂર સુધી પાણીનો મોટી માત્રામાં વેડફાટ થયો હતો.

જામનગરના જાહેર રસ્તાઓ પર પાણીનું ઝરણું વહેતું હોય તેવી અદભુત નહીં પરંતુ લાપરવાહી દર્શાવતી દયનીય સ્થિતિ સર્જાઈ હતી. અડધી રાત્રે રોડ પર પાણીનો પ્રવાહ વહેતો જોઈને રાહદારીઓ અને સ્થાનિક લોકો એકત્ર થઈ ગયા હતા અને આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

જામનગરમાં ભાઈબીજના પર્વે સિટી બસમાં ૯,૫૨૧ મુસાફરોએ મફત મુસાફરી માણી





જામનગર : ભાઈબીજના પવિત્ર પર્વ નિમિત્તે જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો માટે સિટી બસ સેવામાં નિઃશુલ્ક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તા. ૧૧ નવેમ્બરના રોજ શહેરના તમામ રૂટ પર દોડતી ૫૦ ઈ-બસમાં આખો દિવસ વિનામૂલ્યે મુસાફરીની સુવિધાનો ૯,૫૨૧ મુસાફરોએ લાભ લીધો હતો.

ભાઈબીજના તહેવાર નિમિત્તે ભાઈ-બહેન એકબીજાના ઘરે અવરજવર કરી શકે તેવા હેતુથી મહાનગરપાલિકા દ્વારા આ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની આ લોકભોગ્ય પહેલને નગરજનો તરફથી સારો પ્રતિસાદ સાંપડ્યો હતો અને એક જ દિવસમાં ૯,૫૨૧ લોકોએ સિટી બસમાં નિઃશુલ્ક મુસાફરી કરી હતી. જામનગર મહાનગરપાલિકા અને જામનગર જનમાર્ગ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલી આ વ્યવસ્થાના પગલે તહેવારના દિવસે જાહેર પરિવહન સેવાનો બહોળો ઉપયોગ થયો હતો. મહાનગરપાલિકા દ્વારા નગરજનો તથા સિટી બસ સેવાના કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથોસાથ રોજિંદી મુસાફરીમાં પણ સિટી બસ સેવાનો વધુમાં વધુ ઉપયોગ કરવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

શ્રી ખેત્રીફળી ખવાસ જ્ઞાતિ જામનગર (ટ્રસ્ટ રજી.નં.એ/૨૯૯)

–:: સાધારણ સભા તથા સ્નેહમીલન ::–

શ્રી ખેત્રી ફળી ખવાસ જ્ઞાતિ, સભાસદ જોગ

માનનીય સભાસદશ્રીઓ,

આથી માનનીય સભાસદશ્રીઓને જણાવવાનું કે, શ્રી ખેત્રી ફળી ખવાસ જ્ઞાતિ, જામનગરની સાધારણ સભા તથા સ્નેહમીલન તા. ૧૫/૧૧/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સમાજના પ્રમુખશ્રી અજીતભાઈ મગનભાઈ ભટ્ટીના અધ્યક્ષસ્થાને શ્રી ખેત્રી ફળીની વાડી, અંબાજીનો ચોક જામનગર ખાતે નીચે મુજબના એજન્ડા (કાર્યસુચિ) માટે રાખવામાં આવેલ છે. તો સમયસર પધારવા વિનંતી.

:: એજન્ડા (કાર્યસુચિ) ::-

૧) કારોબારી સભ્યમાંથી પાંચ કારોબારી સભ્યના અવસાન થતા તથા બે કારોબારી સભ્યશ્રીઓના રાજીનામા આવતા તેને મંજુર કરવા અંગે.

૨) પ્રમુખ સ્થાનેથી નવા કારોબારી સભ્યોની નિમણુક કરવા અંગે.

અજીતભાઈ મગનભાઈ ભટ્ટી

પ્રમુખશ્રી, શ્રી ખેત્રીફળી ખવાસ જ્ઞાતિ-જામનગર

નોંધ : સાધારણ સભામાં નિયત સમયથી અડધો કલાક સુધીમાં જો કોરમ નહી થાય તો સભા મુલત્વી રાખવામાં આવશે. કોરમના અભાવે મુલત્વી રહેલી સભા ફરીથી અડધો કલાક બાદ એ જ સ્થળે મળશે અને તેમાં કોરમનો બાધ રહેશે નહી. પરંતુ આવી સભામાં અગાઉથી નક્કી થયેલ એજન્ડા સિવાયનું કોઈ નવુ કામ હાથ પર ધરી શકાશે નહીં.

નોંધ : સાધારણ સભા પૂર્ણ થયા બાદ આઇસ્ક્રીમની વ્યવસ્થા રાખેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

દિલ્હી રેલી અને વેપાર વચ્ચે સંતુલનનો માર્ગ

લોકશાહીમાં અવાજ અને વેપાર બંને એક સાથે આગળ વધે ત્યારે સમાજનો સાચો વિકાસ થાય.દિલ્હીના રામલીલા મેદાનમાં ૧ નવેમ્બરે એક મોટી જનસભા યોજાઈ હતી. આ સભાનું નેતૃત્વ રાહુલ ગાંધીએ કર્યું હતું અને તેમાં ઈન્ડિયા ગઠબંધનના ઘણા વરિષ્ઠ નેતાઓ જોડાયા હતા. સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, તેજસ્વી યાદવ સહિત લગભગ વીસ પક્ષોના નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ પહેલા મિન્ટો રોડ જંક્શનથી કનોટ પ્લેસ તરફ ચાલો દિલ્હી માર્ચ પણ યોજાયો હતો. કાર્યકરો પગપાળા ચાલ્યા હતા અને કાફલામાં અનેક વાહનો પણ હતા.

આ રેલીના સંદર્ભમાં વેપારી સંગઠનોએ પોતાની વાત રજૂ કરી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી અને અન્ય વેપારી સંગઠનોના જણાવ્યા અનુસાર દિવાળીના તહેવારની બિલકુલ નજીક યોજાયેલી આ રેલી અને તેના કારણે લાગેલા સુરક્ષા અને વાહન વ્યવહારના નિયંત્રણોને કારણે વેપાર પર અસર પડી હતી. તેમના કહેવા મુજબ દિલ્હીના વીસ મોટા બજારોમાં લગભગ અઢી લાખ દુકાનો બંધ રહી હતી. આ કારણે લગભગ અગિયાર હજાર કરોડ રૂપિયાના વેપારને અસર થઈ હોવાનો દાવો તેમણે કર્યો છે.વેપારી સંગઠને આ અંગે અગાઉથી ચિંતા વ્યક્ત કરી હતી. કોન્ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાહુલ ગાંધીને ચાર વખત પત્ર લખીને રામલીલા મેદાનમાં સભાથી વેપાર અને વાહન વ્યવહાર પર પડનારી સંભવિત અસર અંગે જાણ કરવામાં આવી હતી. આ પત્રો દ્વારા સંવાદનો માર્ગ ખુલ્લો રાખવાનો પ્રયાસ થયો હતો. આવો સંવાદ લોકશાહીમાં ખૂબ જ ઉપયોગી બને છે.

બીજી તરફ રાહુલ ગાંધીએ માર્ચ મહિના દરમિયાન એક વિડીયો સંદેશમાં પોતાની વાત રજૂ કરી હતી. તેમણે કહ્યું હતું કે કનોટ પ્લેસની દુકાનો બળજબરીથી બંધ કરાવવામાં આવી હતી. માર્ચ અને મોટી રેલીમાં આવનારા લોકોને ખરીદી કરવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં પહોંચતા દુકાનો બંધ જોવા મળી હતી. તેમણે લોકોને આ સમગ્ર સ્થિતિને સમજવા માટે અનુરોધ કર્યો હતો.રામલીલા મેદાનમાં યોજાયેલી સભામાં ઘણા નેતાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમાં લેફ્ટના નેતા એમ એ બેબી, તેજસ્વી યાદવ, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, ફારૂક અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી અને અંતમાં રાહુલ ગાંધીએ સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે મારી વાત સાચી પડશે. મમતા બેનર્જીએ કહ્યું હતું કે બંગાળમાં હાર્યા નથી પણ હરાવવામાં આવ્યા છે. આ રેલી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અને વિશેષ સઘન સુધારણા પ્રક્રિયાના વિરોધમાં યોજાઈ હતી અને લગભગ ચાર કલાક સુધી ચાલી હતી.

દિલ્હી જેવા મોટા શહેરમાં તહેવાર પહેલાનો સમય વેપાર માટે ખૂબ જ મહત્વનો હોય છે. દિવાળી પહેલા લોકો ખરીદી માટે બજારોમાં આવે છે. આ સમયે વાહન વ્યવહાર અને સુરક્ષા વ્યવસ્થા બંનેનું સંચાલન કરવું એક પડકાર બની જાય છે. એક તરફ લોકોને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે અને બીજી તરફ વેપારીઓને પોતાનો વેપાર કરવાનો અધિકાર છે. બંને અધિકારો લોકશાહીના પાયા છે.વેપારી સંગઠનોએ આપેલો અગિયાર હજાર કરોડનો આંકડો તેમના અંદાજ પર આધારિત છે. અઢી લાખ દુકાનો અને વીસ બજારોની વાત પણ તેમના અનુભવ પરથી આવી છે. આ આંકડાઓ બતાવે છે કે દિલ્હીના બજારો કેટલા મોટા છે અને તહેવારના સમયે તેમનું મહત્વ કેટલું વધી જાય છે.

અસ્ત થતો સૂર્ય, ઊગતી આશાઓ...



પ્રત્યેક આથમતો સૂર્ય પોતાની સાથે દિવસની અનેક યાદો, અનુભવો અને અધૂરી રહી ગયેલી ઇચ્છાઓને લઈને ક્ષિતિજમાં વિલીન થાય છે, પરંતુ તેની વિદાય ક્યારેય અંતની ઘોષણા નથી કરતી, પરંતુ એક નવી સવારના આગમનની મૌન ખાતરી આપે છે. ક્ષિતિજ પર ધીમે ધીમે ઓગળતો સૂર્ય અને તેની સાક્ષીએ અડીખમ ઊભેલી પવનચક્કીઓ જાણે સમય અને સંઘર્ષની કોઈ અદભુત ગાથા કહી રહ્યાં છે. પવનના પ્રવાહમાંથી ઊર્જા સર્જતી આ પવનચક્કીઓ આપણને શીખવે છે કે પ્રકૃતિનો પ્રત્યેક પ્રવાહ નવી શક્યતાઓનું સર્જન કરી શકે છે. બસ, જરૂર છે તો બદલાતા સમય સાથે તાલ મિલાવીને આગળ વધવાની. જીવન પણ કંઈક આવું જ છે. કેટલાંક સ્વપ્નો સાકાર થાય છે, કેટલાંક અધૂરાં રહી જાય છે; કેટલીક આશાઓ ફળીભૂત થાય છે, તો કેટલીક નવી આશાઓને જન્મ આપે છે. સમયની સાથે ઘણું બધું બદલાય છે, છતાં આવતીકાલ માટે કંઈક સારું થવાની આશા ક્યારેય આથમતી નથી. આમ, પૂર્ણતાના આરે ઊભેલું વર્ષ પણ પોતાની સાથે અનેક સ્મૃતિઓ, સફળતાઓ, નિષ્ફળતાઓ અને અનુભવોનો વારસો લઈને વિદાય લેશે. પરંતુ તેની વિદાયમાં જ નવા વર્ષના આગમનની આશા છુપાયેલી છે. કારણ કે પ્રકૃતિનો અવિરત ક્રમ આપણને સતત એક જ સંદેશ આપે છે કે "દરેક અસ્ત એ અંત નથી હોતો, ક્યારેક એ નવી શરૂઆતની પૂર્વભૂમિકા પણ હોય છે." તો ચાલો, વિદાય લેતા વર્ષને કૃતજ્ઞતાપૂર્વક વળાવીએ અને આવનારા વર્ષને નવી આશાઓ, નવા સંકલ્પો તથા ઉજ્જવળ ભવિષ્યની અપેક્ષાઓ સાથે વધાવીએ.

વિટામિન સી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક

વિટામિન સી સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વોમાંનું એક છે. તે ઈન્યુનિટી વધારવામાં મદદ કરવાની સાથેસાથે ત્વચા, હાડકા, રક્ત વાહિનીઓ અને જખમ ભરવાની પ્રક્રિયા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ઘણા લોકો શરીરમાં વિટામિન સી ની કમીને પૂરી કરવા માટે સપ્લીમેન્ટનો સહારો લેતા હોય છે. પરંતુ વિશેષજ્ઞોનું માનવું છે કે, વિટામિન સીની કમી ગંભીર ન હોય તો તેને સમતોલ આહાર દ્વારા પણ પુરી કરી શકાય છે. અહીં વિટામિન સીી કમીને દૂર કરવા માટેના ખાદ્યપદાર્થો વિશે માહિતી આપવામાં આવી છે.

આંબળા

આંબળા વિટામિન સીનો સૌથી વધુ સમૃદ્ધ કુદરતી સ્ત્રોત માનવામાં આવે છે. તેનું નિયમિત સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.પાચનક્રિયા સુધારવામ સહાય કરે છે. આંબળાનું સેવન તેનો જ્યુસ પીવાથી, મુરબ્બો ખાઈને અથવા તો તેના પાવડર ખાઈને કરી શકાય છે.

જમરૂખ

જમરૂખમાં સંતરા કરતા પણ અધિક વિટામિન સી હોય છે. તેમાં ફાઈબર પ્રચૂર માત્રામાં સમાયેલું હોય છે. જે પાચનક્રિયાને સુધારે છે તેમજ શરીરની રોગપ્રતિરોધક ક્ષમતાને મજબૂત રાખવામાં મદદ કરે છે

સંતરા

સંતરાનું નિયમિત સેવન કરવાથી તે શરીરને હાઈડ્રેટ રાખે છે. ઈમ્યુન સિસ્ટમને મજબૂત કરે છે. તેમજ ત્વચાને ચમકીલી કરે છે.

લીંબુ

લીંબુ રસ વિટામિન સી થી ભરપુર હોય છે. તેને પાણી સાથે, સલાડ અથવા તો અન્ય ખાદ્ય પદાર્થ સાથે ભેળવીને સરળતાથી ખાઈ શકાય છે.

કીવી

કીવીમાં વિટામિન સી સાથે વિટામિન ઈ, ફાઈબર અનેં ન્ટી ઓક્સીડન્ટસ સમાયેલા હોય છે. જે કોશિકાઓને ઓક્સિડેટિવ તનાવથી બચાવામાં મદદ કરે છે.

સિમલા મરચા

લીલા, પીળા અને લાલ રંગના સિમલા મરચામાં વિટામિન સી સારા પ્રમાણમાં સમાયેલું હોય છે. તેનું સેવન શાક કરીને, સલાડ, સેન્ડવિચ તરીકે કરી શકાય છે.

સ્ટ્રોબેરી

સ્ટ્રોબેરીમાં વિટામિન સી ની સાથે એન્ટી ઓક્સીડન્ટ અને ફાઈબર ભરપુર માત્રામાં સમાયેલા હોય છે. તે હૃદય અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે.

જે પડકાર ઝીલશે તેની પ્રગતિ થશે

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ ?

કૌરવ રાજકુમારો અને પાંડવોનો વિદ્યાભ્યાસ પૂરો થયો. ગૂરૂ દ્રોણાચાર્યએ તેમની પાસે ગુરૂદક્ષિણા માંગી. (પાંચાલરાજં દ્રુપદં ગૃહીત્વાપ આદિપર્વ) 'શિષ્યો, પાંચાલરાજ દ્રુપદને યુદ્ધમાં હરાવી તેને કેદ કરી જીવતો મારી પાસે લાવો. મારા માટે આ સર્વોત્તમ ગુરૂદક્ષિણા ગણાશે.' અર્જુન જાણતો હતો કે તે આ કામ કરી શકશે. તેને આત્મવિશ્વાસ હતો. પણ કૌરવોમાં ઘમંડ હતો. તેમની પાસે સારા યોદ્ધાઓ હતા. તેમને ગુરૂનો એ પડકાર પહેલાં ઝીલીને એ સાબિત કરવું હતું કે તેઓ પાંડવો કરતાં વધુ શક્તિશાળી છે. અર્જુન તેમના મનની વાત સમજી ગયો. એટલે તે શાંત રહ્યો. તેણે દ્રોણાચાર્યને એકાંતમાં લઈ જઈને કહ્યું, 'એષાં પરાક્રમસ્યાન્તેપ આદિપર્વ) ગુરૂજી, કૌરવો અભિમાની છે. તેમને પ્રથમ તેમનું પરાક્રમ બતાવવાની તક આપો. તેઓ તેમની શક્તિ બતાવશે ત્યાર પછી જ અમે યુદ્ધ કરીશું. મને ખાત્રી છે કૌરવો યુદ્ધમાં પાંચાલરાજને બંદી નહિ બનાવી શકે.' દ્રોણાચાર્યએ કૌરવોને બોલાવી પડકાર આપ્યો. 'શિષ્યો, જાવ ફતેહ કરો.' બીજાને હલકા સાબિત કરવા કે બીજાની પ્રતિભા ખંડિત કરવા ઝીલાતો પડકાર આત્મકલ્યાણનો માર્ગ નથી. પણ કૌરવોનો સ્વભાવ જ દ્વેષી હતો. તેઓ પાંડવોની ભારોભાર ઈર્ષ્યા કરતા. તેઓ પાંચાલ દેશ ગયા. પણ દ્રુપદ અને તેના ભાઈ સત્યજિતની સામે ટકવું સહેલું નહોતું. તેમણે ઘણા પ્રયત્નો કર્યા પણ દુ:શાસન, વિકર્ણ, શકુનિ, કર્ણ, દુર્યોધન અને સુબાહુ જેવા યોદ્ધાઓ દ્રુપદના ઘાતક બાણોથી ઘાયલ થઈ ગયા. દ્રુપદે તેમના ધનુષ, રથ, ઘોડા અને ધજાઓ છિન્નભિન્ન કરી નાખ્યાં. સૌ જીવ બચાવવા બધું મૂકીને મેદાન છોડીને ભાગી ગયા.

હવે પાંડવોનો વારો હતો. અર્જુને મોટાભાઈ યુધિષ્ઠિરને આરામ કરવા રહ્યું. 'ભાઈ, તમારે સાથે આવવાની જરૂર નથી. અમે ચાર જ પૂરતા છીએ.' પાંડવો પાંચાલ દેશ પહોંચ્યા. કૌરવો સાથે યુદ્ધ કરી સેના આમેય થાકી હતી. રાજા દ્રુપદ સાથે યુદ્ધ શરૂ થયું. દ્રુપદ સેનાએ પાંડવો પર ઉપરાઉપરી હુમલા કર્યા. મહાભારતકાર લખે છે. (તદ્ યુદ્ધમ ભવહ ઘોરં સુમહાદ્ભુતદર્શનમ્) એ યુદ્ધ અત્યંત ભયંકર અને દેખાવમાં અદ્ભુત હતું. છેવટે અર્જુને દ્રુપદને ઘેરી લીધો. (તે યક્ષસેનં દ્રુપદંપ દ્રોણાય ભરતર્ષભઃ) આમ પાંડવોએ ગુરૂનું આહવાન સ્વીકારી અત્યંત કુનેહપૂર્વક દ્રુપદને મંત્રીઓ સહિત યુદ્ધભૂમિમાં બંદી બનાવી દ્રોણાચાર્યની ગુરૂદક્ષિણારૂપે સોંપી દીધો.

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ - એ સમજવામાં આપણો મૂલ્યવિવેક ડહોળાઈ ના જાય તેની તકેદારી રાખવી પડે છે. અને તો જ સાહસ પછીનું પરિણામ આપણને આનંદ આપી શકે છે. સામે આવેલો પડકાર શુભ તરફ લઈ જશે કે અશુભ તરફ એ નિર્ણય લેતી વખતે આપણા ભવિષ્યની અને આપણી સમજશક્તિની આકરી કસોટી થાય છે. આહ્વાન જો આત્મકલ્યાણ કારક હોય, પારકાનું હિત કરનાર હોય કે વ્યક્તિ, સમાજ અથવા દેશની આબરૂ વધારનાર હોય તો તેનું સારું પરિણામ સોનામાં સુગંધ મેળવવાનું કામ કરે છે.

૧૮૯૦ની સાલમાં જે એન તાતા એક રોયલ નેવી યાટ ક્લબમાં દાખલ થતા હતા. ત્યારે તેના સિક્યોરીટી ગાર્ડે તેમને રોક્યા. બાજુમાં લગાડેલું બોર્ડ વાંચવા ઈશારો કર્યો. બોર્ડ પર લખ્યું હતું. 'ઈન્ડિયન-એટલે કે ભારતી અને કૂતરાને પ્રવેશવાની મનાઈ છે.' અચાનક વીજળીનો કરંટ લાગ્યો હોય એમ તાતા ડગી ગયા. તેમના આત્મગૌરવને જબરજસ્ત ઠેસ પહોંચી. તે પગથિયાં ઊતરી દરિયાકિનારે એક પાળ પર બેઠા. મનોમન પ્રતિજ્ઞા કરી.

સરસ્વતી પૂજન : વાણી, વિદ્યા અને વિવેકની આરાધના

ભારતીય કાળગણનામાં કારતક માસનું અનેરું મહત્વ છે. દિવાળીના દીવાઓની રોશની હજુ મનના આંગણામાં ઝળહળતી હોય, નૂતન વર્ષની શુભેચ્છાઓ હજુ હોઠ પર રમતી હોય, ત્યાં જ કારતક સુદ પાંચમનો દિવસ આવે છે. લોકજીભે તેને 'લાભ પાંચમ' કહે છે. લાભ એટલે માત્ર ધનનો લાભ નહીં, લાભ એટલે જીવનને સમૃદ્ધ કરનારો દરેક સદ્ગુણ. આ દિવસે વેપારી પોતાની ચોપડા-પૂજા પૂરી કરીને નવા વહીવટનો આરંભ કરે છે, વિદ્યાર્થી નવા અભ્યાસનો સંકલ્પ કરે છે, અને ગૃહસ્થ પોતાના ઘરમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવે છે. આમ લાભ પાંચમ એ ધનના લાભ કરતાં પણ વધુ જ્ઞાનના લાભનો પર્વ છે.

આ પર્વનું બીજું નામ છે જ્ઞાનપંચમી. પાંચમ તિથિને જ્ઞાન સાથે જોડવામાં આવી છે. પંચમી એ સરસ્વતીની તિથિ મનાય છે. જેમ પૂનમ ચંદ્રની છે, તેમ પંચમી સરસ્વતીની છે. આ દિવસે જ્ઞાનની દેવીનું પૂજન થાય છે. જ્ઞાન એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, જ્ઞાન એટલે જીવનને જોવાની દ્રષ્ટિ, સાચા-ખોટાનો વિવેક, અને પોતાની જાતને ઓળખવાની કળા. લાભ પાંચમ આપણને યાદ અપાવે છે કે વર્ષનો સાચો આરંભ ધનથી નહીં, જ્ઞાનથી થવો જોઈએ.જ્ઞાનપંચમી એટલે શું? પર્વનો અર્થ અને મહિમા.

પંચમીના દિવસે સવારથી જ ઘરમાં એક અલગ જ પવિત્રતા અનુભવાય છે. લોકો વહેલા ઊઠે છે, સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે. ઘરના મંદિરમાં, અભ્યાસના ખૂણામાં, દુકાનના ગલ્લા પાસે પુસ્તકો, વહીઓ, કલમ, પેન, કમ્પ્યુટર અને અભ્યાસના સાધનોને એકત્ર કરીને પૂજવામાં આવે છે. ફૂલ, અક્ષત, ચંદન અને દીવડાથી તે સાધનોને શણગારવામાં આવે છે. આ પૂજન પાછળ એક ગહન ભાવ છે. આપણે જે સાધનોથી જ્ઞાન મેળવીએ છીએ, તે સાધનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી.

આપણી સંસ્કૃતિમાં જ્ઞાનને બ્રહ્મ સમાન માન્યું છે. 'જ્ઞાનં બ્રહ્મ' એવું ઉપનિષદ વાક્ય છે. જ્ઞાન એ ક્યારેય નાશ ન પામનારું ધન છે. ચોર તેને ચોરી શકતો નથી, અગ્નિ તેને બાળી શકતો નથી, રાજા તેને છીનવી શકતો નથી. ધન વહેંચવાથી ઘટે છે, પણ જ્ઞાન વહેંચવાથી વધે છે. એટલે જ આપણા ઋષિઓએ કહ્યું કે વિદ્યાધન એ સર્વ ધનમાં પ્રધાન છે. જ્ઞાનપંચમી આ જ સત્યને ફરી ફરી આપણા હૃદયમાં સ્થાપિત કરે છે.

આ દિવસે અનેક સ્થળોએ બાળકોનો વિદ્યારંભ કરાવવામાં આવે છે. નાના બાળકના હાથમાં પ્રથમ વખત કલમ આપવામાં આવે છે, પાટી પર 'ૐ' કે 'અ' લખાવવામાં આવે છે. આ ક્રિયા માત્ર અક્ષરનો આરંભ નથી, તે જીવનભરની જ્ઞાનયાત્રાનો આરંભ છે. માતા-પિતા આ દિવસે બાળકને આશીર્વાદ આપે છે કે તારું જીવન જ્ઞાનના પ્રકાશથી ઝળહળે.

જૈન પરંપરામાં જ્ઞાનપંચમી : શ્રુતજ્ઞાનની પૂજા.

જૈન પરંપરામાં જ્ઞાનપંચમીનું સ્થાન અત્યંત પવિત્ર અને વિશિષ્ટ છે. જૈન દર્શનમાં જ્ઞાનને આત્માનો ગુણ માનવામાં આવ્યો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવને જ્ઞાન પ્રગટે છે. જૈન આગમોમાં પાંચ જ્ઞાનની વાત છે — મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાં શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન. કારતક સુદ પાંચમ એ શ્રુતજ્ઞાનની પૂજાનો દિવસ છે.

જૈન ઈતિહાસ અનુસાર, આ દિવસે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમ ગણધરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. કેટલીક પરંપરાઓમાં આ દિવસને શ્રુતપંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન ઉપાશ્રયોમાં, દેરાસરોમાં અને ઘરોમાં જ્ઞાનના સાધનોની પૂજા થાય છે. આગમ ગ્રંથો, પુસ્તકો, પોથીઓને વસ્ત્રોમાં લપેટીને, કેસર-ચંદનથી પૂજવામાં આવે છે. સાધુ-સાધ્વીઓ આ દિવસે જ્ઞાનની વિશેષ આરાધના કરે છે, ઉપવાસ કરે છે, સ્વાધ્યાય કરે છે.

જૈન પરંપરામાં કહેવાયું છે કે જ્ઞાનની આશાતના ન કરવી, પુસ્તકને પગ ન અડાડવો, જ્ઞાનના સાધનને અપવિત્ર સ્થાને ન મૂકવું. આ બધા નિયમો પાછળ એક જ ભાવ છે — જ્ઞાન પ્રત્યે અપાર આદર. જૈન શ્રાવક-શ્રાવિકાઓ આ દિવસે નવી પોથી લખાવવાનો, જ્ઞાનદાન કરવાનો, પુસ્તકાલયમાં પુસ્તક અર્પણ કરવાનો સંકલ્પ કરે છે. જ્ઞાનદાનને સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. કારણ કે અન્નદાનથી એક દિવસની ભૂખ મટે છે, પણ જ્ઞાનદાનથી જીવનભરનો અંધકાર મટે છે.

જૈન પરંપરાનો આ સંદેશ આજના સમયમાં વધુ પ્રસ્તુત છે. આજે જ્ઞાન મેળવવાના સાધનો વધ્યા છે, પણ જ્ઞાન પ્રત્યેનો આદર ઘટ્યો છે. પુસ્તકોને ફેંકી દેવા, મોબાઈલમાં અધૂરું જ્ઞાન વાંચીને પંડિત થઈ જવું, આજની પેઢીની મોટી ભૂલ છે. જ્ઞાનપંચમી આપણને શીખવે છે કે જ્ઞાનને પવિત્ર માનો, તેની સાધના કરો, તેનો આદર કરો, તો જ તે ફળ આપશે.

પુસ્તક, કલમ અને પાટીનું પૂજન : સાધનો પ્રત્યે કૃતજ્ઞતા.

લાભ પાંચમના દિવસે આપણે પુસ્તકની પૂજા કરીએ છીએ, ત્યારે આપણે વાસ્તવમાં આપણા ગુરુઓની પૂજા કરીએ છીએ. કારણ કે પુસ્તક એ ગુરુનું મૂર્ત સ્વરૂપ છે. જે ગુરુ આજે હયાત નથી, તેનું જ્ઞાન પુસ્તકમાં જીવે છે. કલમ એ સરસ્વતીની જીભ છે. કલમથી લખાયેલો એક શબ્દ કોઈનું જીવન બદલી શકે છે. એટલે કલમને પણ પૂજનીય માનવામાં આવી છે.



આધુનિક યુગમાં પુસ્તકની સાથે કમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ પણ જ્ઞાનના સાધન બન્યા છે. તેમની પૂજા પણ એ જ ભાવથી થવી જોઈએ. સાધન ગમે તે હોય, ભાવ એક જ છે — જેના દ્વારા મને જ્ઞાન મળે છે, તેના પ્રત્યે હું કૃતજ્ઞ છું.

જ્ઞાન, વિનય અને ચારિત્ર્ય : સાચી વિદ્યાના ત્રણ પાયા છે.આપણી સંસ્કૃતિમાં કહ્યું છે — 'વિદ્યા વિનયેન શોભતે'. વિદ્યા વિનયથી શોભે છે. જ્ઞાન જો અહંકાર લાવે તો તે જ્ઞાન નથી, તે માત્ર માહિતી છે. સાચું જ્ઞાન માણસને નમ્ર બનાવે છે. જેમ ફળથી લચેલી ડાળી નમી જાય છે, તેમ જ્ઞાનથી ભરેલો માણસ નમ્ર બને છે. લાભ પાંચમ આપણને આ વિનયની દીક્ષા આપે છે.

જ્ઞાન સાથે ચારિત્ર્ય ન હોય તો જ્ઞાન ભયંકર બની જાય છે. અણુશક્તિનું જ્ઞાન જો ચારિત્ર્ય વિનાના હાથમાં જાય તો તે વિનાશ નોતરે છે. એટલે જ ભારતીય પરંપરાએ હંમેશા જ્ઞાનની સાથે ચારિત્ર્ય અને નીતિને જોડ્યા છે. વિદ્યાર્થી માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવે એ પૂરતું નથી, તે સારો માણસ બને એ જ સાચી વિદ્યા છે.

લાભ પાંચમનો સંદેશ : અજ્ઞાનમાંથી જ્ઞાન તરફની યાત્રા.

લાભ પાંચમ એ માત્ર એક તિથિ નથી, તે એક દ્રષ્ટિ છે. તે કહે છે કે દરેક નવા વર્ષનો આરંભ જ્ઞાનના સંકલ્પથી કરો. દર વર્ષે એક નવું પુસ્તક વાંચો, એક નવી વિદ્યા શીખો, એક નવો સદ્ગુણ કેળવો. જીવનમાં ધનનો લાભ તો આવશે અને જશે, પણ જ્ઞાનનો લાભ કાયમ રહેશે.આજના ડિજિટલ યુગમાં જ્ઞાનપંચમીનો અર્થ વધુ ઊંડો બને છે. માહિતીના મહાસાગરમાં આપણે ડૂબી રહ્યા છીએ, પણ જ્ઞાનના મોતી શોધવા મુશ્કેલ બન્યા છે. આ દિવસે આપણે સંકલ્પ કરીએ કે આપણે માત્ર માહિતી નહીં, વિવેક મેળવીશું. માત્ર ડિગ્રી નહીં, દ્રષ્ટિ મેળવીશું. માત્ર નોકરી માટે નહીં, જીવન માટે ભણીશું.અંતે, લાભ પાંચમ આપણને એક જ પ્રાર્થના શીખવે છે — 'અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય.' અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ મને લઈ જા. જ્ઞાન એ જ પ્રકાશ છે, જ્ઞાન એ જ લાભ છે, જ્ઞાન એ જ જીવન છે.

સમયની સરિતા સતત વહ્યા કરે છે. એક પછી એક વર્ષ કાળ અને ગર્તામાં વિલીન થાય છે. જે વીલીન નથી થતું તે જ્ઞાન છે. જ્ઞાન એટલે માહિતી નહીં પરંતુ પરમ સમીપે પહોંચવાનું પ્રથમ સોપાન છે

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

અંડર-૧૯ એશિયા કપ વન-ડે ફાઇનલમાં ભારત - પાકિસ્તાન વચ્ચે ફરી થશે ટક્કર

મુંબઈ, અલ અમીરાત (ઓમાન): ભારતે ગુરુવારે અફઘાનિસ્તાનને અન્ડર-૧૯ એશિયા કપ વન-ડે ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં આઠ વિકેટે કચડીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં ભારતનો મુકાબલો આ ટૂર્નામેન્ટમાં ફરી એક વખત પાકિસ્તાન સામે થશે. લીગ રાઉન્ડમાં અને ગયા વર્ષના ડિસેમ્બરમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો હતો એટલે એ બન્ને હારનો બદલો શનિવારે લઈ લેવાની ભારતની જુનિયર ટીમને તક છે. ગુરુવારે પ્રથમ સેમિ ફાઇનલમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૧૬૯ બૉલ બાકી રાખીને નવ વિકેટે હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.



સેમિ ફાઇનલમાં અફઘાનિસ્તાને આઠ વિકેટે ૨૨૭ રન બનાવ્યા બાદ ભારતે ૨૨૮ રનનો લક્ષ્યાંક ૩૬.૫ ઓવરમાં (૭૯ બૉલ બાકી રાખીને) ૨/૨૩૦ના સ્કોર સાથે મેળવી લીધો હતો. બન્ને ટીમની ફીલ્ડિંગમાં ઘણી કચાશ હતી અને બન્નેના ફીલ્ડર્સે કૅચ છોડ્યા હતા.કૅપ્ટન લક્ષ્ય રાયચંદાની (૯૩ રન, ૯૦ બૉલ, એક છગ્ગો, તેર ચોગ્ગા) આઉટ થતાં સાત રન માટે સદી ચૂકી ગયો હતો, પણ એ પહેલાં તેણે ટીમને જીતની નજીક પહોંચાડી દીધી હતી. તેણે પહેલાં આર્યવીર સેહવાગ (૫૧ રન, ૫૭ બૉલ, ચાર છગ્ગા, ચાર ચોગ્ગા) સાથે પ્રથમ વિકેટ માટે ૧૧૭ રનની અને પછી વી. કે. વિનીત (૫૭ અણનમ, ૬૨ બૉલ, એક છગ્ગો, પાંચ ચોગ્ગા) સાથે બીજી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી કરી હતી. યશબર્ધન ચૌહાણ ૧૬ રને અણનમ રહ્યો હતો. અફઘાનિસ્તાનના નૂર અલી નિઆઝી અને સોહેલ ખાનને એક-એક વિકેટ મળી હતી.અફઘાનિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ સાધારણ શરૂઆત કરી હતી અને છેવટે ભારતને લક્ષ્યાંક પણ સાધારણ આપી શક્યું હતું. વિકેટકીપર-બૅટ્સમૅન નોમન સલરઝાઈ અને શાહ ફૈઝલ રહિમીના ૫૧-૫૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા. અફઘાનિસ્તાનની ટીમ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૭ રન બનાવી હતી. ભારતીય બોલર્સમાંથી સૌથી વધુ ત્રણ વિકેટ પેસ બોલર ઈશાન સૂદે અને બે વિકેટ મોરબીના આર્યન સવસાણીએ લીધી હતી. ગુજરાતના જ કાવ્ય પટેલ તેમ જ અર્જુન રાજપૂત અને યશબર્ધન ચૌહાણ એક-એક વિકેટ લઈ શક્યા હતા.

પ્રેક્ટિસ દરમિયાન અર્શદીપના બોલમાં આઉટ થતા વિરાટ કોહલી ચકરાવે ચઢ્યો



ન્યૂ ઝીલૅન્ડ, ઓવલના મેદાન પર ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી ચોથી વન-ડે માટેની પ્રૅક્ટિસમાં વિરાટ કોહલી, અર્શદીપ સિંહ, ગુરનૂર બ્રાર અને મોહમ્મદ સિરાજ વચ્ચે મૈત્રીભાવે ચડિયાતા પુરવાર થવા તીવ્ર હરીફાઈ થઈ હતી અને એમાં એક ક્ષણ એવી હતી જેમાં વિરાટ ગુસ્સે થઈ ગયો હતો.

પાંચ મૅચની સિરીઝમાં ત્રણ મૅચને અંતે ભારત ૨-૦થી આગળ છે અને સિરીઝ જીતવા માટે માત્ર એક વિજયની જરૂર છે. હવે ન્યૂ ઝીલૅન્ડ આ શ્રેણી જીતી નહીં શકે. ભારત સિરીઝ જીતી શકશે, પણ હારી નહીં શકે.

વિરાટ પ્રૅક્ટિસમાં ત્રણેયમાંથી એક પછી એક બોલર સામે રમ્યો હતો. વિરાટે ત્રણેય સાથે ફીલ્ડિંગ સેટ-અપ બાબતમાં પણ પંજાબીમાં ચર્ચા કરી હતી.

૨૦ મિનિટના પ્રૅક્ટિસ સેશનમાં વિરાટે ત્રણેયની બોલિંગમાં ખૂબ ફટકાબાજી કરી હતી, પરંતુ એક પળ એવી આવી હતી જેમાં વિરાટે અર્શદીપના બૉલમાં વિકેટ ગુમાવ્યા બાદ પિત્તો ગુમાવ્યો હતો.

વિરાટે ગુસ્સો અર્શદીપ પર નહીં, પણ સ્ટમ્પ્સ પર ઊતાર્યો હતો. અર્શદીપે તેને આઉટ કરતાં જ વિરાટ સ્તબ્ધ થઈ ગયો હતો અને પોતાનાથી શું ભૂલ થઈ એ વિચારતો રહી ગયો હતો. જોકે પછીથી બધા ખેલાડીઓ એકબીજાની મસ્તીમજાક કરવા લાગ્યા હતા.

હાર્દિક પંડ્યાના આગમનથી પંજાબ કિંગ્સ ટીમ બનશે વધુ મજબૂત : મહંમદ કૈફ

નવી દિલ્હી, ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને ચપળ ફીલ્ડર મોહમ્મદ કૈફનું એવું માનવું છે કે ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાના આવવાથી પંજાબ કિંગ્સને ખૂબ ફાયદો થશે. કૈફને એવું પણ લાગે છે કે આઇપીએલમાં હાર્દિકની જે પ્રતિભા છે એ જોતાં તેને પૈસામાં આંકી ન શકાય.

૨૦૨૭ની આઇપીએલ પહેલાં તેમ જ ખાસ કરીને ૧૬મી ડિસેમ્બરે ગોવામાં યોજાનારા પ્લેયર્સ-ઑક્શન અગાઉ હાર્દિક પંડ્યા અને અર્શદીપ સિંહની અદલાબદલીનો મુદ્દો સૌથી વધુ ચર્ચામાં છે. મુંબઈ ઇન્ડિયન્સના ભૂતપૂર્વ કૅપ્ટન હાર્દિકને હવે એક સીઝન રમવાના ૧૬.૩૫ કરોડ રૂપિયાને બદલે પંજાબના ફ્રૅન્ચાઇઝી તરફથી ૧૮ કરોડ રૂપિયા મળશે. અર્શદીપને મુંબઈનું ફ્રૅન્ચાઇઝી પંજાબના ફ્રૅન્ચાઇઝી જેટલા ૧૮ કરોડ રૂપિયા ચૂકવશે.



કૈફના મતે હાર્દિક થ્રી-ડી એટલે કે થ્રી ડાયમેન્શનલ ખેલાડી છે. બીજા શબ્દોમાં કહીએ તો હાર્દિક બોલિંગ, બૅટિંગ અને ફીલ્ડિંગ ત્રણેયમાં કાબેલ છે અને આ ત્રણેય કૌશલ્યથી મૅચની બાજી પલટાવી શકે એમ છે. તે એવા ટોચના ખેલાડીઓમાં ગણાય છે જે એકલા હાથે મૅચની બાજી ફેરવી શકે છે. 'હાર્દિક મિડલ-ઑર્ડરમાં આક્રમક બૅટિંગ કરી શકે છે, જરૂર પડે ત્યારે મહત્ત્વપૂર્ણ ઓવર બોલિંગ કરી શકે છે અને શાનદાર ફીલ્ડિંગથી પણ ટીમને ઉપયોગી બની શકે છે. મુંબઈ ઇન્ડિયન્સ સાથેના હાર્દિકના સંબંધોને બે રીતે જોવા જોઈએ. માત્ર ખેલાડી તરીકે હાર્દિકનું પ્રદર્શન અને કૅપ્ટન તરીકે હાર્દિકનો કાર્યકાળ. આ બે બાબતને અલગ દૃષ્ટિકોણથી જોવા જોઈએ.તે માત્ર ખેલાડી હતો એ સમયગાળામાં તેણે મુંબઈને ચાર ટાઇટલ અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. મુંબઈની ટીમ પર લાંબા સમય સુધી રોહિત શર્માની કૅપ્ટન્સીનો પ્રભાવ રહ્યો હતો. તેણે ટીમને પાંચ ટાઇટલ અપાવ્યા હતા. જોકે હાર્દિક એ ટીમનો કૅપ્ટન બન્યો ત્યાર બાદ તેના પર (મેદાન પર અને મેદાનની બહાર) માનસિક દબાણ વધી ગયું હતું.'હાર્દિકના સુકાનમાં મુંબઈની ટીમ એક વખત પ્લે-ઑફમાં પહોંચી, પણ બીજી બે સીઝનમાં અનુક્રમે ૧૦મા તથા નવમા ક્રમે રહી હતી.

સનાઈઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારન અનિરુદ્ધ રવિચંદર સાથે લગ્નગ્રંથીથી જોડાઈ

મુંબઈ, જાણિતા મ્યુઝિક કમ્પોઝર અનિરુદ્ધ રવિચંદર અને સનરાઇઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારને પોતાના જીવનની નવી ઇનિંગ્સ શરૂ કરી છે. બંનેના લગ્નની પહેલી તસવીર સોશિયલ મીડિયા પર સામે આવતા જ ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શેર કરેલી તસવીરમાં આ નવપરિણીત જોડી એકબીજા સાથે ખૂબ જ સુંદર અને રોયલ અંદાજમાં નજરે પડી રહી છે.



તસવીરમાં અનિરુદ્ધ અને કાવ્યા એકબીજાનો હાથ પકડીને ફૂલોની વર્ષા વચ્ચે ચાલતા જોવા મળે છે. બેકગ્રાઉન્ડમાં સફેદ અને પીળા ફૂલોથી સજાવેલો ભવ્ય મંડપ આ ક્ષણને વધુ યાદગાર બનાવી રહ્યો છે. અનિરુદ્ધે પોતાના લગ્ન માટે ક્લાસિક લુક પસંદ કર્યો હતો. તેણે આઇવરી કલરનો કુર્તો અને મેચિંગ વેષ્ટી પહેરી છે, જેની ઉપર બારીક એમ્બ્રોઇડરી કરેલું લોંગ જૅકેટ પહેરેલું છે. રિપોર્ટ્સ અનુસાર, આ ગોલ્ડ ડિટેઇલિંગવાળી ઓફ-વ્હાઇટ શેરવાની જેવો રોયલ લુક આપે છે.કાવ્યા મારને આ ખાસ દિવસ માટે બ્લશ-પિંક કલરનો લહેંગો પસંદ કર્યો હતો, જેના પર ડિટેઇલ્ડ એમ્બ્રોઇડરી અને સિક્વિન વર્ક થયેલું છે. આ આઉટફિટ સાથે તેણે મેચિંગ બ્લાઉઝ, સ્ટેટમેન્ટ ચોકર નેકલેસ અને ભારે ઇયરરિંગ્સ પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. ખુલ્લા વેવી હેરસ્ટાઇલે તેના આખા બ્રાઇડલ લુકને અત્યંત સોફ્ટ અને આકર્ષક બનાવ્યો છે.તસવીર સાથે લખેલી લાઇન 'My once in a lifetime, fro a lifetime' ચાહકોને ખૂબ પસંદ આવી રહી છે, જેનો અર્થ જીવનભર સાથ નિભાવનારા ખાસ જીવનસાથી સાથે થાય છે. આ સાથે લખાયેલું ૧૧.૧૧ આ ખાસ તારીખ અને સમયને જીવનભર માટે યાદગાર બનાવે છે. બંનેની તસવીરમાં જોવા મળતી સાદગી અને પ્રેમે લોકોનું ધ્યાન ખેંચ્યું છે અને હવે ફેન્સ આ ભવ્ય લગ્નની વધુ તસવીરોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

અર્ચના પુરનસિંહ ફરી બનશે દુલ્હન પતિ પરમિત સાથે ફરશે સાત ફેરા



મુંબઈ, બોલીવૂડ અને ટેલિવિઝન જગતની જાણીતી અભિનેત્રી અર્ચના પૂરન સિંહ અને તેના પતિ પરમીત સેઠી ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ૬૪ વર્ષની વયે અર્ચના પૂરન સિંહ ફરીથી લગ્ન કરવા જઈ રહી હોવાના સમાચારે ચાહકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. તાજેતરમાં એક ખાસ કાર્યક્રમ 'ધમાલ વિથ પતિ પત્ની ઔર પંગા'ના શોમાં આ દંપતીએ મીડિયા સમક્ષ પોતાની આ અનોખી યોજનાનો ખુલાસો કર્યો હતો.

ઈવેન્ટ દરમિયાન અર્ચના પૂરન સિંહ પિંક સ્ટાઈલિશ પેન્ટ-સૂટમાં અને પરમીત સેઠી બેજ ડબલ-બ્રેસ્ટેડ બ્લેઝર સૂટમાં અત્યંત આકર્ષક અંદાજમાં જોવા મળ્યા હતા. અર્ચના અને પરમીતે હળવાશભર્યા અંદાજમાં જણાવ્યું કે અગાઉ તેમના લગ્ન સમયે ઘણી પરંપરાગત વિધિઓ અધૂરી રહી ગઈ હતી, જેને તેઓ 'ભૂલ થઈ ગઈ' કહીને યાદ કરે છે. આ વખતે તેઓ પોતાના લગ્નની તમામ વિધિઓ અને રિવાજો સંપૂર્ણ ધામધૂમથી પૂર્ણ કરવા જઈ રહ્યા છે, જેમાં ચાહકોને પણ ખૂબ જ મજા આવવાની છે. દંપતીએ મીડિયા અને દર્શકોને આ ખાસ ઉજવણીમાં સામેલ થવા માટે જાહેર આમંત્રણ પણ પાઠવ્યું હતું.

અર્ચના પૂરન સિંહ અને પરમીત સેઠીના આ ભવ્ય લગ્ન સમારોહને ટેલિવિઝનના પડદે જોવા માટે ચાહકો અત્યંત ઉત્સાહિત છે.

છૂટાછેડા બાદ અંગત જીવન અને ડેટિંગની અફવા અંગે સાનિયા મિર્ઝાએ કર્યો ખુલાસો

મુંબઈ, ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક સાથેના છૂટાછેડા બાદ પોતાની પર્સનલ લાઇફ અને ડેટિંગની અફવાઓ પર આખરે મૌન તોડ્યું છે. તાજેતરમાં પોતાની ખાસ મિત્ર અને ફિલ્મમેકર ફરાહ ખાન સાથે નેહા ધૂપિયા અને અંગદ બેદીના યુટ્યુબ ટોક શો 'ડબલ ડેટ'માં હાજરી આપતાં સાનિયાએ પોતાના રિલેશનશિપ સ્ટેટસ અંગે ખુલીને વાત કરી હતી.



ભૂતપૂર્વ ભારતીય ટેનિસ ચેમ્પિયન સાનિયા મિર્ઝા છેલ્લા ઘણા સમયથી પોતાની પ્રોફેશનલ કમિટમેન્ટ્સ અને પુત્ર ઇઝહાનના ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જોકે, શોએબ મલિકથી અલગ થયા બાદ તેની પર્સનલ લાઇફ અને બીજા લગ્ન કે ડેટિંગને લઈને સોશિયલ મીડિયા પર અવારનવાર અટકળો ચાલતી રહે છે. તાજેતરમાં ૩૯ વર્ષીય સાનિયા મિર્ઝા પોતાની ગાઢ મિત્ર ફરાહ ખાન સાથે નેહા ધૂપિયા અને અંગદ બેદીના યુટ્યુબ શો 'ડબલ ડેટ'માં મહેમાન બની હતી, જ્યાં તેણે પોતાની રિલેશનશિપ લાઇફના તમામ સવાલોના બેબાક જવાબ આપ્યા હતા.

વાતચીત દરમિયાન હોસ્ટ અંગદ બેદીએ સાનિયાને સીધો સવાલ પૂછ્યો કે, શું તને ક્યારેય તારા કોઈ મેલ ફ્રેન્ડે કોફી ડેટ માટે નથી પૂછ્યું? આ સવાલ પર સાનિયાએ હસતાં-હસતાં કહ્યું કે, તે લોકો મને કોફી ડેટ માટે નહીં, પરંતુ 'બોય્ઝ ટ્રિપ' પર જવા માટે બોલાવે છે. મારા પુરુષ મિત્રો મને પણ એક છોકરાની જેમ જ ટ્રીટ કરે છે. આ દરમિયાન ફરાહ ખાને મજાક કરતાં કહ્યું કે, તેના ઘણા પુરુષ મિત્રો તેને ફોન કરીને પૂછે છે કે શું સાનિયા મિર્ઝા ખરેખર સિંગલ છે? જેના જવાબમાં સાનિયાએ પુષ્ટિ કરી કે તે સાચે જ સિંગલ છે.જ્યારે અંગદ બેદીએ ફરી પૂછ્યું કે શું તેને ક્યારેય કોઈ પુરુષ સાથે સુંદર પળો વિતાવવાનું મન નથી થતું? ત્યારે ફરાહ ખાને તરત જ ટોકતાં કહ્યું હતું કે તને કેવી રીતે ખબર કે તે એન્જોય નથી કરી રહી? ફરાહની વાતને સમર્થન આપતાં સાનિયાએ પહેલા સ્મિત કર્યું અને પછી કહ્યું, મારા જીવનમાં કોઈ પુરુષ નથી, અથવા હોઈ પણ શકે છે. જોકે, તરત જ હસીને તેણે સ્પષ્ટતા કરી કે તે માત્ર મજાક કરી રહી હતી અને હાલમાં તે સંપૂર્ણપણે સિંગલ છે.સાનિયાએ પોતાના પુત્ર ઇઝહાન વિશે વાત કરતાં જણાવ્યું કે તે પણ ટેનિસ રમે છે, પરંતુ તેને ટેનિસ કરતાં અન્ય રમતોમાં વધુ રસ છે. સાનિયા અને ફરાહ ખાનની દોસ્તી જગજાહેર છે. સાનિયાએ અગાઉ પણ કહ્યું હતું કે તેના જીવનના સૌથી કપરા તબક્કામાં ફરાહ ખાન એક મજબૂત આધારસ્તંભ બનીને તેની સાથે ઊભી રહી હતી.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

રામાયણ ફિલ્મ જોયા પછી ડ્રીમગર્લ હેમા માલિનીએ કર્યા ભરપૂર વખાણ



મુંબઈ, બોલીવૂડ સુપરસ્ટાર રણબીર કપૂર, રોકિંગ સ્ટાર યશ અને સાઈ પલ્લવી સ્ટારર પૌરાણિક મેગા-બજેટ ફિલ્મ 'રામાયણ' હાલ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. વિશ્વભરમાં માત્ર પાંચ દિવસમાં રૂપિયા ૬૭૫ કરોડથી વધુની કમાણી કરી ચૂકેલી આ ફિલ્મે દર્શકોની સાથે હિન્દી ફિલ્મોના દિગ્ગજોને પણ ઘેલું લગાડ્યું છે. બોલીવૂડની 'ડ્રીમ ગર્લ' અને મથુરાથી લોકસભા સાંસદ હેમા માલિનીએ થિયેટરમાં ફિલ્મ નિહાળ્યા બાદ સોશિયલ મીડિયા પર ખુલીને પોતાના અનુભવની સમીક્ષા કરી છે. તેમણે સ્વીકાર્યું હતું કે તેઓ સાવ ઓછી અપેક્ષાઓ સાથે થિયેટરમાં ગયા હતા, પરંતુ ફિલ્મના અદભુત સ્પેશિયલ ઇફેક્ટ્સ અને કલાકારોના અસાધારણ અભિનયે તેમના શ્વાસ થંભાવી દીધા હતા.નિતીશ તિવારી દ્વારા દિગ્દર્શિત અને નમિત મલ્હોત્રા દ્વારા નિર્મિત બે ભાગની મેગા-કેનવાસ ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર રોજ નવા કીર્તિમાન સ્થાપિત કરી રહી છે. સામાન્ય પ્રેક્ષકોથી લઈને ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજો પણ આ ફિલ્મના વિઝ્યુઅલ્સ અને માહોલના વખાણ કરતાં થાકતા નથી. હવે આ યાદીમાં ભારતીય સિનેમાની જાણીતી અભિનેત્રી અને સાંસદ હેમા માલિનીનું નામ પણ જોડાઈ ગયું છે.હેમા માલિનીએ થિયેટરમાં 'રામાયણ' જોયા બાદ પોતાના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ફિલ્મનું પોસ્ટર શેર કરીને એક વિસ્તૃત સમીક્ષા પોસ્ટ કરી હતી.

ટોક્સિકમાં ઈન્ટિમેટ સીન અંગે સિદ્ધાર્થે કોઈ પ્રતિક્રિયા આપી નથી : કિયારા અડવાણી



મુંબઈ, બોલીવૂડની જાણીતી અભિનેત્રી કિયારા અડવાણી તાજેતરમાં જ લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ' સીઝન ૯માં પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે મહેમાન બનીને આવી હતી. આ દરમિયાન કિયારાએ સાઉથ સુપરસ્ટાર યશ સાથેની પોતાની ફિલ્મ 'ટોક્સિક'ના બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન તેમજ ફિલ્મમાં આપેલા ઈન્ટિમેટ સીન્સને લઈને થયેલી ટીકાઓ પર પહેલીવાર ખુલીને વાત કરી હતી.શોના હોસ્ટ કરણ જોહરે જ્યારે પૂછ્યું કે 'ટોક્સિક' ફિલ્મ અપેક્ષાઓ પર ખરી ન ઉતરતાં તેનું શું રિએક્શન હતું, ત્યારે કિયારાએ પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. કિયારાએ જણાવ્યું કે રિલીઝના પ્રથમ વીકએન્ડ દરમિયાન ફિલ્મના નબળા પ્રદર્શનથી તે ખૂબ જ દુઃખી અને નિરાશ થઈ ગઈ હતી. અભિનેત્રીના જણાવ્યા મુજબ, ફિલ્મને સારી ઓપનિંગ મળી હોવા છતાં આખી ટીમમાં કોઈએ એવું વિચાર્યું નહોતું કે ફિલ્મ બોક્સ ઓફિસ પર આ રીતે નિષ્ફળ જશે. જોકે, કિયારાએ ઉમેર્યું કે આ અનુભવ ભલે મુશ્કેલ રહ્યો હોય, પરંતુ 'ટોક્સિક' માટે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવું તે તેની કારકિર્દી માટે એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થશે.ફિલ્મમાં અભિનેતા યશ સાથેના રોમેન્ટિક અને ઈન્ટિમેટ સીન્સ અંગે પતિ સિદ્ધાર્થની પ્રતિક્રિયા વિશે કિયારાએ સ્પષ્ટ વાત કરી હતી. સિદ્ધાર્થના રિએક્શન અંગે કિયારાએ કહ્યું,"તેને આ સીન્સથી કોઈ જ ફરક પડ્યો નહોતો. તેણે ક્યારેય આ વિષય પર કોઈ વાત સુદ્ધાં કરી નથી."સોશિયલ મીડિયા પર થયેલી ટીકાઓ અંગે કિયારાએ જણાવ્યું કે તેણે નોંધ્યું હતું કે ઘણા લોકો આ ટ્રોલિંગ પાછળના બેવડા ધોરણો પર સવાલ ઉઠાવી રહ્યા હતા.

જામનગર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે દીપાવલીના રવિસભા અને ચોપડા પૂજન






જામનગર : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, જામનગર ખાતે દિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે કોઠારી સ્વામી પૂજ્ય ધર્મનિધિ સ્વામી તેમજ સંતોની ઉપસ્થિતિમાં પરંપરાગત રવિસભા તથા ચોપડા પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા કલેકટર પી. બી. પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ આવનારા નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પૂજ્ય કોઠારી સ્વામી ધર્મનિધિ સ્વામીએ સૌ ભક્તોના પરિવારમાં તેમજ સમગ્ર વિશ્વમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વૃદ્ધિ પામે તેવી ભાવ ઊર્મિ સાથે મહાપૂજામાં પ્રાર્થના કરી હતી. જ્યારે બોહળી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ સમુહ આરતી કરી હતી.

નાઘેડી કુમાર શાળામાં ૧૦૮ અને ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ સેવાઓના લાઈવ ડેમો દર્શાવાયા




જામનગર : વિશ્વ રેબિઝ દિવસ નિમિત્તે જામનગર જિલ્લાના નાઘેડી ગામની કુમાર શાળા ખાતે વિદ્યાર્થીઓમાં હડકવા પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વિશેષ અવેરનેસ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર અને EMRI Green Health Services ના સંયુક્ત ઉપક્રમે કાર્યરત હરતું ફરતું પશુ દવાખાનાના પ્રોગ્રામ મેનેજર ડૉ. મોહમ્મદ શોએબ ખાનના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પશુચિકિત્સકો, ઈ્ન્ અને પાઇલટ્સે સક્રિય ભાગ લીધો હતો.

આ વર્ષની વિશ્વ હડકવા દિવસની વૈશ્વિક થીમ iStronger Togetherî ને અનુરૂપ વિદ્યાર્થીઓને હડકવા સામેની લડતમાં જનસહભાગિતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ તકે પશુચિકિત્સકો દ્વારા વિદ્યાર્થીઓને હડકવાથી બચવાના ઉપાયો, કૂતરા કે અન્ય પ્રાણીના કરડવાના કિસ્સામાં રાખવાની પ્રાથમિક સાવચેતી, સમયસરની સારવાર અને રસીકરણના મહત્વ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. સાથે જ હડકવા નાબૂદી માટે સૌ એકજૂથ થઈને કાર્ય કરે તે માટેનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

આ જાગૃતિ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ ઈમરજન્સી હેલ્પલાઈન સેવાઓ જેવી કે ૧૦૮ ઈમરજન્સી સેવા, ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન, ખિલખિલાટ વાહન સેવા અને ૧૧૨ ઓલ-ઈન-વન ઈમરજન્સી સેવાઓની કામગીરી અને ઉપયોગિતા અંગે માર્ગદર્શિત કરાયા હતા. વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક સમજણ કેળવાય તે હેતુથી ૧૦૮ એમ્બ્યુલન્સ, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ તેમજ હરતાં ફરતાં પશુ દવાખાનાની કામગીરીનો પ્રત્યક્ષ ડેમો રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે યોજાયેલી પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ સાચા જવાબો આપનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરાયા હતા. વિશ્વ હડકવા દિવસની આ કવાયત દ્વારા વિદ્યાર્થીઓમાં હડકવા અંગે વૈજ્ઞાનિક સમજણ વિકસાવવાની સાથે પશુ દયા, સામાજિક જવાબદારી અને ઈમરજન્સી સેવાઓ પ્રત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશો વહેતો કરવામાં આવ્યો હતો.

ઓખામાં સુનામી આફતમાં બચાવ અર્થે મોકડ્રીલ

સુનામી વૉર્નિંગ સાથે શહેરના હાઈરીસ્ક વિસ્તારોમાંથી ૯૦૦ કરતા વધારે વ્યકિતઓનું સ્થળાંતર કરાયું




દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદર ખાતે બુધવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમ્યાન સુનામી જેવી સંભવિત કુદરતી આપત્તિ સામેની પૂર્વતૈયારીઓની ચકાસણીના ભાગરૂપે સુનામી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલનો મુખ્ય હેતુ ઓખા બંદરની નિર્ધારીત એસ.ઓ.પી. મુજબ વિવિધ વિભાગો અને સુરક્ષા એજન્સીઓની કામગીરી, પરસ્પર સંકલન, સંદેશા વ્યવ્હારની વ્યવસ્થા, ઉપલબ્ધ માનવબળ અને સંસાધનોનો ઉપયોગ તથા હાઈરિસ્ક વિસ્તારોમાંથી નાગરિકોની સમયસર સ્થળાંતર વ્યવસ્થાની વાસ્તવિક ચકાસણી કરવાનો હતો. સાથે જ સ્થળાંતર કામગીરીમાં લાગતા સમયમાં ઘટાડો કરવા તથા ગ્રાઉન્ડ લેવલ પર રહેલી ખામીઓની ઓળખ કરી જરૂરી સુધારાત્મક પગલા લેવાનો પણ હેતુ હતો.

મોકડ્રીલમાં ઓખા બંદરના નવીનગરી વિસ્તારમાં સુનામીની સંભવિત અસરોને ધ્યાનમાં રાખી દરિયાકિનારાના અંદાજે ૧૦૦ મીટરથી ૧.૫ કિ.મી. અંદરના હાઈરીસ્ક વિસ્તારમાંથી કુલ ૯૪૫ વ્યકિતઓને સ્થળાંતરિત કરી જલારામ હોલ ખાતે સુરક્ષિત આશ્રય અપાયા હતા જ્યારે ૫૦ પશુઓને નગરપાલીકા શાળા ખાતે સુરક્ષિત રીતે ખસેડાયા હતા.

જિલ્લા વહીવટી તંત્ર, મહેસૂલ વિભાગ, પોલીસ, ઓખા નગરપાલીકા, આર્મી, બી.એસ.એફ., સી.આઈ.એસ.એફ., આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ, મત્સ્યોદ્યોગ વિભાગ, ફાયર વિભાગ, પરિવહન, વિજ વિભાગ, સ્થાનીય વહીવટી તંત્ર દ્વારા લગત કાર્યવાહી કરવામાં આવી હતી. મોકડ્રીલ બાદ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને ડી-બ્રીફીંગ બેઠકમાં તમામ સબંધિત વિભાગો અને સુરક્ષા એજન્સીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા તથા મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

ધ્રૂડશિયા ગામની વાડીમાંથી દારૂની આઠ બાટલી સાથે શ્રમિક ઝડપાયો

જામનગર : જામનગર તાલુકાના ધ્રૂડશિયા ગામની સીમમાં આવેલી વાડીમાંથી પંચકોશી એ ડિવિઝન પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની આઠ બોટલ સાથે એક શ્રમિકને ઝડપી પાડ્યો હતો.

ધ્રૂડશિયા ગામની કોસરીયા સીમમાં આવેલી કમલેશભાઈ વલ્લભભાઈની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન ત્યાંથી રાજુ ગણપતભાઈ રાવત (ઉ.વ.૨૩), મૂળ રહે. કુળવત ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ, હાલ ધ્રૂડશિયા ગામ, વાડીમાં રહેતા, મળી આવ્યો હતો. તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લાસ્ટિકની આઠ બોટલ, કિંમત રૂ.૮૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં પેટ્રોલપંપના ફિલરમેનને પેટ્રોલ ભરવા આવેલ બે શખ્સનો હુમલો

જામનગર : જામનગરના પવનચક્કી સર્કલે આવેલા પેટ્રોલ પંપ પર મોટરસાયકલમાં આવી બે શખ્સોએ ગુંડાગર્દી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બાઈકમાં આવેલા શખ્સોએ જલ્દી પેટ્રોલ ભરી દેવા કહી ફિલરમેનને ફડાકા મારી પ્લાસ્ટીકના ઝારથી હુમલો કરતા બે શખ્સો સામે ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

શહેરના પવનચક્કી જેલ રોડ રાજપુતપરા રાજપુત સમાજની વાડીની બાજુમાં ભાડે મકાન રાખી રહેતા પેટ્રોલ પંપમાં નોકરી કરતા નરેન્દ્રસિંહ હેમતસિંહ પરમાર (ઉ.વ.૨૦) તા.૬ ના રોજ સાંજે પવનચક્કી સર્કલે આવેલા ઈન્ડીયન ઓઈલના પેટ્રોલ પંપમાં નોકરીએ હતા. ત્યારે એક અજાણ્યો બાઈક ચાલક અને યુવરાજસિંહ ઉર્ફે ઈલ્લો મોહબતસિંહ કેર (રહે. શંકર ટેકરી, જામનગર) બંને પેટ્રોલ ભરાવવા માટે આવ્યા અને પેટ્રોલ ભરવાનું કહેતા નરેન્દ્રસિંહએ કહ્યું કે મારે ડીઝલનું બેરલ ભરવાનું છે તમે બીજા ભાઈ પાસે પેટ્રોલ ભરાવી લો. એટલામાં બંને ઉશ્કેરાઈ ગયા અને પેટ્રોલ તો અહિયાંથી જ ભરવું છે તેમ કહીને ફડાકાવાળી કરી હતી. ઢીકાપાટુનો માર મારી પ્લાસ્ટીકનો ઝાર ઉપાડી કપાળના ભાગે એક ઘા અને માથામાં ૩ ઘા ઝીંકી મૂઢ ઈજા અને કપાળમાં છરકા જેવી ઈજા કરી હજુ તને જોઈ લેશું. જાનથી પતાવી દેશું તેવી ધમકી આપતા પોલીસે બંને સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી આરંભી છે.

જામનગરમાં લોનના બહાને ડોક્યુમેન્ટ મેળવી એકાઉન્ટ ખોલાવી ફ્રોડ કરનાર ૪ પકડાયા

જામનગર : જામનગરમાં લોન કરાવી આપવાના બ્હાને શ્રમિક યુવાન અને તેના પરિવારજનોના ડોક્યુમેન્ટ અને જુદા-જુદા ફોર્મમાં સહીઓ મેળવી લઈ જાણ બહાર બારોબાર બેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડની કરોડોની રકમની હેરાફેરી કરી નાખી હતી. જે કેસમાં અંદાજે બે માસ અગાઉ ફરિયાદ બાદ સંડોવાયેલા ૪ શખ્સોની ધરપકડ બાદ જેલ હવાલે કરાયા છે.

માધાપર ભુંગામાં રહેતા અને મજૂરી કામ કરતા અસલમ ભગાડને લોનની જરૂરિયાત ઉભી થતા કર્ણાટકા બેન્કની બ્રાંચે ગયા હતા. ત્યારે બેંકના કર્માએ અસલમ અને તેના ભાઈ-ભાભીના ડોક્યુમેન્ટ લઈ અલગ અલગ ફોર્મમાં સહી કરાવી લીધી અને બે મોબાઈલ સિમ પણ અન્ય શખ્સના કહેવાથી ફરિયાદીએ લઈને બેન્ક કર્મીને આપ્યા હતા. બાદમાં ૪ દિવસ બાદ આરોપીઓએ ફોન કરી કહ્યું કે તમારો સીબીલ ખરાબ છે લોન થશે નહી. તેવું કહી ડોક્યુમેન્ટ મેળવી જાણ બહાર કર્ણાટક બેંકમાં અલગ અલગ નામે ૩ અકાઉન્ટ ખોલાવી ત્રણેય બેંક અકાઉન્ટમાં તા.૨૦/૦૫/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ સુધીમા આશરે રૂ.૧.૫૦ કરોડના સાયબર ફ્રોડના નાણાની હેરાફેરી કરી નાખી હતી. પોલીસે અસલમની ફરિયાદ બાદ કેસની તપાસ કરી સંડોવાયેલા આરોપી અસગર અબ્દુલ ચમડીયા(રહે ગરીબનગર પાણાખાણ), મહમદહનીફ સુલેમાનભાઈ મોડા (રહે. ધરાનગર, સદગુરુ સોસાયટી), અસ્ફાક ઈદ્રિશભાઈ મિયાવા (નવીવાસ, આંબલીફળી), અંજુમ ખિલજીને પકડી જેલ ભેગા કરી દીધા છે.

જામનગરમાં દારૂના ૩૭૯ ચપલા સાથે શખ્સ પકડાયો, સપ્લાયરની શોધખોળ

જામનગર : જામનગરના મારૂ કંસારા હોલની પાછળ આવેલા મંગલધામ સોસાયટીમાં દારૂની બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. આરોપીના વાળામાંથી દારૂનો જથ્થો પકડાયો હતો. પોલીસે ૩૭૯ નંગ દારૂના ચપલાનો જથ્થો જપ્ત કરી એક શખ્સને પકડી પાડ્યો હતો. જ્યારે અન્ય એક શખ્સનું નામ ખૂલતાં તેને ફરાર જાહેર કરાયો છે.

શહેરની મંગલધામ સોસાયટીમાં રહેતા મંગળસિંહ બહાદુરસિંહ જાડેજા (ઉ.વ.૪૬) એ દારૂ સંતાડયો હોવાની જાણ થતાં પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં તલાસી દરમિયાન આરોપીના વાડામાંથી ૩૭૯ ચપલા મળી આવ્યા હતા. પોલીસે ૩૭ હજારના દારૂ સાથે આરોપી મંગળસિંહ જાડેજાને દબોચી લીધો હતો. જેની પૂછપરછમાં આ જથ્થો આરોપી સાહીલ મોદી (રહે. પીજારાવાસ જામનગર) પાસેથી મેળવ્યા બાદ વેચાણ અર્થે રાખ્યો હતો. જેના આધારે સાહીલ મોદીને ફરાર જાહેર કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

પડાણા પાટિયા પાસે કંપનીની ઓરડીમાં ગળેફાંસો ખાઈ યુવાનનો આપઘાત

જામનગર : જામનગરના લાલપુર તાલુકાના પડાણા પાટિયા નજીક ડેલ્ટા કંપનીની ઓરડીમાં બિહારના ૨૬ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા ગમગીની છવાઈ છે. યુવાને કોઈ અકળ કારણોસર પગલું ભરી લેતા પોલીસે મોતની નોંધ કરી ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

મૂળ બિહારના સિવાન જિલ્લાના કલીટોલ ગામનો વતની વિનીતકુમાર નાગેન્દ્રગીરી (ઉ.વ. ૨૬) હાલ પડાણા પાટિયા પાસે મારુતિ શો-રૂમની પાછળ આવેલી ડેલ્ટા કંપનીની ઓરડીમાં રહી મજૂરી કરતો હતો. દરમિયાન તા. ૭ નવેમ્બરના રોજ બપોર પહેલા તેણે ઓરડીની છતમાં રહેલા પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. જે મામલે જાણ થતા સ્થાનિકોમાં અરેરાટી મચી હતી. આ મામલે મોટી ખાવડીના આંબાવાડી વિસ્તારમાં રહેતા વિક્રમસિંહ સોઢા (ઉ.વ. ૩૨) એ મેઘપર પોલીસમાં જાણ કરતા પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પીએમ અર્થે ખસેડવા અને મોતની નોંધ કરી યુવાને કયા કારણોસર અંતિમ પગલું ભરી લીધું? આર્થિક ભીસ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે? તે દિશામાં મેઘપર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

દિવાળીની ભીડમાં પરિવારથી વિખૂટા પડેલા બાળકને પોલીસે શોધી કાઢ્યો



જામનગર : જામનગર શહેરના બર્ધન ચોક વિસ્તારમાં દિવાળીના તહેવાર દરમિયાન ખરીદી વખતે પરિવારથી વિખૂટા પડેલા ચાર વર્ષના બાળકનો સિટી-એ ડિવિઝન પોલીસે પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. પોલીસ ટીમે સતત ત્રણથી ચાર કલાક સુધી આસપાસના વિસ્તારોમાં તપાસ કરીને બાળકની માતાને શોધી કાઢી હતી. સિટી-એ ડિવિઝન ની દરબારગઢ પોલીસ ચોકીના સ્ટાફને બર્ધન ચોક વિસ્તારમાં એક ચાર વર્ષનું બાળક એકલું મળી આવ્યું હોવાની માહિતી મળી હતી. પોલીસે બાળકને પોતાની દેખરેખ હેઠળ લઈ તેના પરિવારની શોધખોળ શરૂ કરી હતી. સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.ડોડીયા ની સુચના થી દરબારગઢ પોલીસ ચોકીના પીએસઆઈ વી.આર.ગામેતી ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે આસપાસના વિસ્તારો અને સોસાયટીઓમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન રણજીતસાગર રોડ વિસ્તારમાં રહેતાં નિમલાબેન ભુરીયાનો ચાર વર્ષનો પુત્ર કાનજી રમતાં રમતાં પરિવાર થી વિખૂટો પડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ એએસઆઈ ગોરધનભાઈ ચાવડા અને પો.હેડ.કોન્સ્ટેબલ તજનીજભાઈ પાંભરે બાળકને તેની માતાને સોંપી પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. બાળક સુરક્ષિત પરત મળતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને સિટી-એ ડિવિઝન પોલીસ ટીમની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

જામનગરના વોર્ડ નં.૪માં સફાઈ સેવકોનું દિવાળીના પર્વે સન્માન





૭૦ મહિલાઓને સાડી, ૫૧ પુરુષ કર્મચારીઓને રોકડ ભેટ આપી પ્રોત્સાહિત કરાયા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ના ત્રણેય કોર્પોરેટરો સોનલબા રાણા, આલાભાઈ રબારી અને જીતુભાઈ શિંગાળા દ્વારા દિવાળીના પાવન પર્વ નિમિત્તે સફાઈ સેવકો અને શ્રમિકોનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવાની સરાહનીય પહેલ કરવામાં આવી હતી. વોર્ડમાં પ્રથમ વખત સફાઈ કર્મચારીઓ અને શ્રમિકો માટે આ પ્રકારનો સન્માન કાર્યક્રમ યોજી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વોર્ડની અંદાજે ૭૦ મહિલા સફાઈ કર્મચારીઓને સાડી તથા મીઠાઈની ભેટ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે ૫૧ પુરુષ સફાઈ કર્મચારીઓને પ્રત્યેકને રૂ. ૫૦૦ની રોકડ ભેટ આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત વાલ્વમેન તથા ભૂગર્ભ કામગીરી સાથે સંકળાયેલા શ્રમિકોને પ્રત્યેકને રૂ. ૧,૧૦૦ની રોકડ ભેટ આપવામાં આવી હતી.

શહેરની સ્વચ્છતા જાળવવામાં દિવસ-રાત પરિશ્રમ કરતા સફાઈ સેવકો અને શ્રમિકોની કામગીરીને બિરદાવવાના હેતુથી યોજાયેલી આ પહેલને આવકાર મળી રહ્યો છે. દિવાળીના તહેવાર નિમિત્તે મળેલી ભેટ અને સન્માનથી કર્મચારીઓમાં ખુશીની લાગણી પ્રસરી હતી. કોર્પોરેટરોની આ સંવેદનશીલ પહેલે તહેવારની ખુશીમાં સહભાગી થવાનો સુંદર સંદેશ આપ્યો હતો.

કેન્દ્ર સરકારની મહિલા અનામત સુધારા ખરડાને પસાર કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની યોજના

કેન્દ્ર સરકારને આ ખરડો ૧૫-૧૮ મતોના અંતરથી પસાર થવાનો વિશ્વાસ

નવી દિલ્હી,

કેન્દ્ર સરકાર મહિલા અનામત લાગુ કરવા સંબંધિત બંધારણીય સુધારા ખરડાને પસાર કરાવવા માટે સંસદનું એક "વિશેષ સત્ર" બોલાવવાની યોજના બનાવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખરડો ૧૫ થી ૧૮ મતોની સરસાઈથી પસાર થઈ જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર પાસે જરૂરી સંખ્યાબળ હોવાનો વિશ્વાસ છે, પરંતુ તેમણે પ્રસ્તાવિત સત્રની તારીખો કે તેની અવધિ વિશે કોઈ માહિતી આપી નથી.

બંધારણીય સુધારા ખરડાને પસાર કરવા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર હોય છે, જેના માટે સરકારને ૩૬૧ મતોની આવશ્યકતા છે. હાલમાં ૫૪૩ સભ્યોની લોકસભામાં ત્રણ બેઠકો ખાલી છે.

આ પ્રસ્તાવિત સુધારા હેઠળ, સીમાંકન (delimitation) પ્રક્રિયા દ્વારા લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન ૫૪૩ થી વધારીને મહત્તમ ૮૫૦ સુધી લઈ જવાનો પ્રયાસ છે. આનાથી સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો માર્ગ મોકળો થશે.

આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે અગાઉ ૧૭ એપ્રિલે બજેટ સત્ર દરમિયાન બોલાવવામાં આવેલા એક વિશેષ બેઠકમાં, આવો જ એક બંધારણીય સુધારા ખરડો જરૂરી સંખ્યાબળના અભાવે પસાર થઈ શક્યો ન હતો.

સંસદનું ચોમાસુ સત્ર, જે દરમિયાન ૧૩ ઓગસ્ટે બંને ગૃહોની કાર્યવાહી અનિશ્ચિત મુદત માટે સ્થગિત (adjourned sine die) કરવામાં આવી હતી, તે હજુ સુધી સત્તાવાર રીતે સમાપ્ત (prorogued) કરવામાં આવ્યું નથી. આ સત્ર ૯૧ દિવસથી સત્તાવાર રીતે સમાપ્ત થયા વિના ચાલુ છે, જેણે ૨૦૦૮માં બનેલા ૮૩ દિવસના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો છે.

હાલના સત્ર દરમિયાન જ કાર્યવાહી લંબાવવી હોય તો ઓછામાં ઓછા બે દિવસની નોટિસ આપવી પડે છે, જ્યારે નવું સત્ર બોલાવવા માટે ઓછામાં ઓછા ૧૪ દિવસની નોટિસ જરૂરી હોય છે.

સરકારના ચોમાસુ સત્રને સત્તાવાર રીતે સમાપ્ત ન કરવાના નિર્ણયને કારણે, પ્રસ્તાવિત સુધારા પર વિચારણા કરવા માટે સત્ર લંબાવવામાં આવશે અથવા વિશેષ બેઠક બોલાવવામાં આવશે તેવી અટકળો તેજ બની હતી.

સરકાર ૨૦૨૯ની સંસદીય ચૂંટણી પહેલાં મહિલા અનામત કાયદો અમલમાં મૂકવા માંગે છે. આ પ્રક્રિયામાં દક્ષિણના રાજ્યોની ચિંતાઓને દૂર કરવા માટે, સરકાર તમામ રાજ્યો માટે લોકસભાની બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે.અગાઉના ખરડાના આધારે તૈયાર કરાયેલા આ નવા ડ્રાફ્ટમાં, ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યો વચ્ચે બેઠકોનું જે વર્તમાન પ્રમાણ છે, તેને યથાવત રાખવાનો પ્રસ્તાવ હોવાનું જાણવા મળ્યું છે.

રક્ષા મંત્રાલયે યુદ્ધજહાજ INS બેતવાને અપગ્રેડ કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયાનો સોદો કર્યો



નવી દિલ્હી,

સંરક્ષણ મંત્રાલયે નૌકાદળના જહાજ, INS બેતવાના અપગ્રેડ માટે કોચીન શિપયાર્ડ લિમિટેડ સાથે રૂ. ૪૯૮.૫૮ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ૧૧ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, ભારતીય નૌકાદળનું બ્રહ્મપુત્ર-વર્ગનું ફ્રિગેટ, INS બેતવા, એક મુખ્ય પ્રોપલ્શન સિસ્ટમ પરિવર્તનમાંથી પસાર થશે, જેમાં તેની હાલની સ્ટીમ-આધારિત પ્રોપલ્શન સિસ્ટમને ડીઝલ-એન્જિન-આધારિત પ્રોપલ્શન સિસ્ટમથી બદલવાનો સમાવેશ થાય છે. રિફિટમાં આધુનિક શસ્ત્ર સ્યુટની સ્થાપના દ્વારા તેની લડાઈ ક્ષમતાઓનું અપગ્રેડેશન પણ શામેલ હશે, જેનાથી જહાજની કાર્યકારી અસરકારકતામાં વધારો થશે.

આ પ્રોજેક્ટ જહાજ સમારકામ અને જાળવણી ઇકોસિસ્ટમમાં સ્વદેશી ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે, ખાસ કરીને જટિલ પ્રોપલ્શન સિસ્ટમ પરિવર્તન અને નૌકાદળ પ્લેટફોર્મના આધુનિકીકરણમાં. આ પ્રોજેક્ટમાં ૫૦ થી વધુ MSMEજ સામેલ થવાની અને ભારતીય જહાજ નિર્માણ અને આનુષંગિક ઉદ્યોગોમાં નોંધપાત્ર રોજગારીની તકો ઉત્પન્ન થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ સરકારના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક-ઇન-ઇન્ડિયા' ના વિઝનને મોટો વેગ આપશે, જ્યારે દેશની સ્વદેશી નૌકાદળના જહાજ સમારકામ અને જાળવણી ક્ષમતાઓને મજબૂત બનાવશે.

અમેરિકા ટેક્નોલોજી પર પ્રતિબંધ લાદવા માટે જાસૂસીની વાર્તાઓ ઘડી રહ્યું છે : ચીન

બીજિંગ,

ચીનના જાસૂસી કાવતરાનો ભોગ બનેલા Nvidia બોસ જેન્સેન હુઆંગ હોવાના દાવાઓ બાદ, ચીને યુનાઇટેડ સ્ટેટ્સ પર ચીન પર ટેકનોલોજીકલ "નાકાબંધી" લાદવા માટે બનાવટી જાસૂસી દાવાઓનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે.

"ચીનની ટેકનોલોજીકલ પ્રગતિ સ્વતંત્ર નવીનતા અને ખુલ્લા સહયોગથી ચાલે છે. યુએસ પક્ષે ટેકનોલોજીકલ નાકાબંધી લાદવાના બહાના તરીકે આવા 'જાસૂસી' કથાઓનું નિર્માણ કરવાનું બંધ કરવું જોઈએ," વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે નિયમિત બ્રીફિંગમાં જણાવ્યું હતું.

Nvidia ની સહ-સ્થાપના કરનાર અને તેને AI ને શક્તિ આપતી ચિપ્સના વિશ્વના અગ્રણી સપ્લાયરમાં ફેરવનાર હુઆંગે એલિસ હુઆંગ સાથે લગ્નેત્તર સંબંધ હોવાનું કબૂલ્યું છે.

તેણી સિંગાપોર સ્થિત મેગાસ્પીડમાં ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ હોવાનું કહેવાય છે અને યુએસ અધિકારીઓ દ્વારા માનવામાં આવે છે કે તેણી ચીની ગુપ્તચર માહિતી માટે કામ કરતી હતી.

Nvidia બોસે ચીનને અદ્યતન ચિપ્સના વેચાણ પરના નિયંત્રણો સામે વર્ષો સુધી લોબિંગ કર્યું છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે Nvidia ના H200 ચિપ્સને નિકાસ માટે મંજૂરી આપી હતી કારણ કે બંને પક્ષોના હોક્સ દ્વારા બેઇજિંગ AI ટેકનોલોજીમાં પ્રભુત્વ મેળવવાની રેસ જીતી શકે છે તેવો ડર હતો. ચીને હુઆંગ પર જાસૂસી કરવાના દાવાઓને "પાયાવિહોણા અટકળો" અને "ચીનને બદનામ કરવાનો પ્રયાસ" ગણાવીને ફગાવી દીધા છે.

હેપ્પી દિવાળી, સામ ભાઈ : સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીને 'ગુજરાતી મિત્ર' ગણાવ્યા

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કર્યા

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે 'ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ'ના વડા સામ પિત્રોડા અને તેમનાં પત્ની અંજનાને દિવાળી અને ગુજરાતી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પહેલાં કોંગ્રેસ નેતાએ વડાપ્રધાનના સૌમ્ય અને હૂંફાળા સ્વભાવના વખાણ કર્યા હતા અને તેમને 'ગુજરાતી મિત્ર' ગણાવ્યા હતા.

'હેપ્પી દિવાળી અને નૂતન વર્ષ અભિનંદન, સામ ભાઈ'

વડાપ્રધાને 'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં લખ્યું, "સામ ભાઈ અને અંજના બેનને દિવાળી અને



નૂતન વર્ષની શુભકામનાઓ. આવનારું વર્ષ આનંદમય અને સ્વાસ્થ્યપ્રદ રહે તેવી પ્રાર્થના. જય જગન્નાથ!" સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કર્યા

અગાઉ, સમાચાર એજન્સી IANS સાથેની એક મુલાકાતમાં, પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કરતાં તેમને એક "સારા વક્તા" ગણાવ્યા હતા અને કહ્યું હતું કે વ્યક્તિગત સ્તરે તેઓ "ખૂબ જ હૂંફાળા, દયાળુ, પ્રેમાળ અને સંભાળ રાખનારા" છે. તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન સાથે તેમને કોઈ "વ્યક્તિગત મતભેદ" નથી, અને ભારપૂર્વક જણાવ્યું કે તેમની વચ્ચેના મતભેદો માત્ર વિચારધારાને લગતા છે.

વડાપ્રધાન વિશેના તેમના મંતવ્ય અંગે પૂછવામાં આવતા, પિત્રોડાએ કહ્યું કે તેઓ મોદીનું વ્યક્તિ તરીકે સન્માન કરે છે અને તેમને મહેનતુ માને છે. પિત્રોડાએ કહ્યું, "તેઓ (વડાપ્રધાન મોદી) એક ગુજરાતી મિત્ર છે. હું વ્યક્તિ તરીકે તેમનું સન્માન કરું છું.

ટીએમસી નેતાઅભિષેક બેનર્જીના ઘરે કરાઈ બુલડોઝરની કાર્યવાહી

અભિષેક બેનર્જીના નિવાસસ્થાનની બહાર ઊભું કરાયેલું કામચલાઉ માળખું હટાવી દેવાયું

કોલકાતા,

કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC) ના અધિકારીઓએ ગુરુવારે સવારે રાજ્યની રાજધાનીમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સાંસદ અભિષેક બેનર્જીના નિવાસસ્થાનની બહાર ઊભું કરાયેલું એક કામચલાઉ માળખું હટાવી દીધું. KMC ના અધિકારીઓ સવારે બુલડોઝર લઈને TMC ના મહાસચિવના કાલીઘાટ સ્થિત ઘરે પહોંચ્યા અને સાંસદના ઘરની સામે વાંસમાંથી બનાવેલું માળખું દૂર કર્યું.

આ માળખું ફૂટપાથ પર હતું અને નાગરિક સંસ્થાના અધિકારીઓએ જણાવ્યું કે તેના કારણે ફૂટપાથનો ઉપયોગ કરતા સ્થાનિક લોકોને મુશ્કેલી પડતી હતી. બુલડોઝરની કાર્યવાહી પહેલાં બેનર્જીના ઘરની બહાર કેન્દ્રીય દળોના જવાનોનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી સાંસદના ૩૯મા જન્મદિવસ નિમિત્તે તેમના ઘરની બહાર ભાજપ અને TMC કાર્યકરો વચ્ચે મોડી રાત્રે થયેલી અથડામણના થોડા દિવસો બાદ કરવામાં આવી છે. જેની શરૂઆત બોલાચાલીથી થઈ હતી, તે પછી મારામારી અને પથ્થરમારામાં ફેરવાઈ ગઈ.

અભિષેક બેનર્જીએ આરોપ લગાવ્યો કે તેમના પર જીવલેણ હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેમણે ભાજપ સમર્થકો પર નજીકની ઝ્ઝ ઓફિસમાં તોડફોડ કરવાનો આરોપ પણ મૂક્યો.

ઇન્ડોનેશિયાના ઉપરાષ્ટ્રપતિએ સંસદના ઉપલા ગૃહને પોતાનું રાજીનામું સોંપ્યું

ગિબ્રાન રાકાબુમિંગ રાકાના રાજકીય ભવિષ્ય અંગે ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત

જાકાર્તા,

ઇન્ડોનેશિયાના ઉપરાષ્ટ્રપતિએ ગુરુવારે સંસદના ઉપલા ગૃહને પોતાનું રાજીનામું સોંપ્યું, જેનાથી તેમના રાજકીય ભવિષ્ય અંગે ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો. આ દરમિયાન, તેમના પિતા અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ વર્તમાન નેતા પ્રબોવો સુબિયાંતોને સમર્થન જાહેર કર્યું.

૧૯૯૮માં રાષ્ટ્રપતિ સુહાર્તોના રાજીનામા બાદ ઇન્ડોનેશિયામાં આ સૌથી ચર્ચિત રાજીનામું છે— ગિબ્રાન રાકાબુમિંગ રાકાએ પદ છોડ્યું છે. તેમના આ પગલા બાદ વિડોડો દ્વારા વ્યક્ત કરાયેલું સમર્થન, પ્રબોવો અને તેમના પુરોગામી વિડોડો વચ્ચેના રાજકીય ગઠબંધનમાં જોવા મળતા તણાવને હળવો કરી શકે છે.

મધ્ય જાવાના સોલો શહેરમાં આવેલા પોતાના ઘરની બહાર પત્રકારો સાથે વાત કરતા, અત્યંત લોકપ્રિય વિડોડો (જેઓ 'જોકોવી' તરીકે પણ જાણીતા છે) એ કહ્યું, "અમે રાષ્ટ્રપતિ પ્રબોવોના વહીવટીતંત્રને સમર્થન આપવાનું ચાલુ રાખીશું, ખાસ કરીને એવા કાર્યક્રમોને જે સામાન્ય જનતાના હિતમાં હોય."

ગિબ્રાન અને સંસદસભ્યોની હાજરીમાં, પ્રબોવોએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે "ભારે હૃદયે"



પોતાના સહયોગીનું રાજીનામું સ્વીકાર્યું છે અને સરકારમાં ગિબ્રાનના યોગદાનની પ્રશંસા કરી હતી. પ્રબોવોએ પોતાના ભાષણમાં કહ્યું, "મને તેમના તરફથી મદદ મળી છે. તેમણે પોતાનું કામ સારી રીતે કર્યું છે." તેમણે ઇન્ડોનેશિયાના વિવિધ વિસ્તારોમાં ગિબ્રાન દ્વારા કરવામાં આવેલા કામો અને તેમના પૂર્વ સહયોગીના "ઉમદા વલણ"નો ઉલ્લેખ કર્યો.

સોલાપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે ટ્રેનર એરક્રાફ્ટ રનવે પરથી લપસી ગયું

સોલાપુર,

ગુરુવારે મહારાષ્ટ્રના સોલાપુર એરપોર્ટ પર એક તાલીમ વિમાનનું હાર્ડ લેન્ડિંગ થયું, જેના કારણે તે રનવે પર ફસાઈ ગયું. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

હાર્ડ લેન્ડિંગની ઘટના ત્યારે બની જ્યારે વિદ્યાર્થી પાઇલટ તેની સોલો ક્રોસ-કન્ટ્રી ફ્લાઇટ કરી રહી હતી. "લેડી સ્ટુડન્ટ પાઇલટ તેની ક્રોસ-કન્ટ્રી સોલો ફ્લાઇટ કરી રહી હતી અને તેણીનું હાર્ડ લેન્ડિંગ થયું અને વિમાન રનવે પર ફસાઈ ગયું. કોઈને ઈજા થઈ નથી," રેડબર્ડ એવિએશન ટ્રેનિંગ એકેડેમીના કરણ માનએ જણાવ્યું.

ઘટનાના એક કથિત વીડિયોમાં વિમાન, ટેકનામ પી મેન્ટર, એક તીવ્ર ખૂણા પર ફસાઈ ગયું છે, જેમાં તબીબી ટીમ, ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને સુરક્ષા અધિકારીઓ પરિસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છે. ઘટનાસ્થળે એક એમ્બ્યુલન્સ અને ફાયર એન્જિન પણ જોવા મળ્યું હતું.

ઘટના બની ત્યારે તાલીમાર્થી, જ્યોતિ તંવર તરીકે ઓળખાતી, કલબુર્ગી-બારામતી-સોલાપુર-કલબુર્ગીને આવરી લેતા ક્રોસ-કન્ટ્રી રૂટ પર એકલી ઉડાન ભરી રહી હતી. એક પોલીસ અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે, તેણીને તબીબી તપાસ માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. વિમાન રનવે પરથી અટકી ગયું ઘટના બાદ ક્ષતિગ્રસ્ત વિમાનને ઘેરી લેવામાં આવ્યું છે.

યુપી વિધાનસભા ચૂંટણી માટે AIMIM અને ASP વચ્ચે ગઠબંધનની જાહેરાત

લખનૌમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં ચૂંટણી લડવા માટે સામાજિક પરિવર્તન મોરચાની રચના કરી

લખનૌ,

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી અને આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ના નેતા ચંદ્રશેખર આઝાદે ગુરુવારે (૧૨ નવેમ્બર) ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે હાથ મિલાવ્યા છે. AIMIM અને ASP - આ બંને પક્ષોએ ગઠબંધનની જાહેરાત કરી છે અને ચૂંટણી લડવા માટે 'સામાજિક પરિવર્તન મોરચા'ની રચના કરી છે.

લખનૌમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં, AIMIMના પ્રમુખ અને લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીની હાજરીમાં ચંદ્રશેખર આઝાદે આ જાહેરાત કરી હતી. ઓવૈસીએ આ ગઠબંધનને "ઉદાર" ગણાવ્યું અને કહ્યું કે તેમાં અન્ય પક્ષો - જેમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો પણ સમાવેશ થાય છે - તેઓ પણ જોડાઈ શકે છે. તેમણે કહ્યું કે જે પણ પક્ષ ઉત્તર પ્રદેશમાં ભાજપને ફરી સત્તામાં આવતા રોકવા માંગતો હોય, તે આ ગઠબંધનના સમર્થનમાં ચૂંટણી લડી શકે છે.ઓવૈસીએ એમ પણ કહ્યું કે ૨૦૨૭ની ચૂંટણીમાં ચંદ્રશેખર આઝાદ 'સામાજિક પરિવર્તન મોરચા' (SPM) તરફથી મુખ્યમંત્રી પદના ચહેરા હશે.

મીડિયાને સંબોધતા ઓવૈસીએ કહ્યું, "અમારા પક્ષ વતી, હું કહેવા માંગુ છું કે અમે આ 'સામાજિક પરિવર્તન મોરચા'ને સફળ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. મને એ જાહેર કરતા ખૂબ આનંદ થાય છે કે અમારા ભાઈ, ચંદ્રશેખર આઝાદ, ઉત્તર પ્રદેશમાં 'સામાજિક પરિવર્તન મોરચા'ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર હશે.

અમે બધા સાથે મળીને આ ગઠબંધનને સફળ બનાવવા માટે કામ કરીશું—એવી સફળતા જે આખરે ઉત્તર પ્રદેશની જનતાની સફળતા હશે.

એકવાર ચંદ્રશેખર આઝાદ મુખ્યમંત્રી બની જાય, પછી અમે એવા ફેરફારો અમલમાં મૂકી શકીશું જેની અમે કલ્પના કરી છે.

શેખ હસીનાના આગમન પૂર્વે બાંગ્લાદેશમાં ભારે હોબાળો; ૨૧ જિલ્લાઓમાં હિંસા, બસો અને ટ્રેનોને આગ લગાડાઈ

પોલીસ મુખ્યાલયે આ ઘટનાઓ માટે હસીનાના પક્ષ 'અવામી લીગ'ના સમર્થકોને જવાબદાર ઠેરવ્યા

ઢાકા,

ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ દેશમાં પાછા ફરવાની જાહેરાત કર્યા બાદ સમગ્ર બાંગ્લાદેશમાં નવી હિંસા ફાટી નીકળી છે. સોમવાર રાતથી મંગળવાર સાંજ સુધીમાં ઓછામાં ઓછા ૨૧ જિલ્લાઓમાં આગચંપી અને તોડફોડની ઘટનાઓ બની છે. તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે બસો અને ટ્રેનના ડબ્બાઓને સળગાવી દેવામાં આવ્યા છે, જ્યારે સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ તેમના દરવાજા બંધ કરી દીધા છે.

બાંગ્લાદેશ પોલીસ અને ઢાકા મેટ્રોપોલિટન પોલીસના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૨૨ વાહનોને આગ લગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત, ઢાકા અને અન્ય છ જિલ્લાઓમાં વિવિધ



સ્થળોએ ઓછામાં ઓછા ૨૮ કાચા બોમ્બ (કૂડ બોમ્બ) વિસ્ફોટ થયા હોવાના અહેવાલ છે.

પોલીસ મુખ્યાલયે આ ઘટનાઓ માટે હસીનાના પક્ષ 'અવામી લીગ'ના સમર્થકોને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસનો દાવો છે કે, બાંગ્લાદેશમાં પાછા ફરવાની હસીનાની જાહેરાત બાદ જ આ હિંસા શરૂ થઈ છે.

બાંગ્લાદેશ પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓએ આ હુમલાઓ, રસ્તા રોકો આંદોલનો અને આગચંપીની ઘટનાઓ માટે અવામી લીગ અને તેની વિદ્યાર્થી પાંખ 'બાંગ્લાદેશ છાત્ર લીગ'ના કાર્યકરોને જવાબદાર ગણાવ્યા છે.

સૌથી વધુ ગંભીર ઘટનાઓ ઢાકા અને તેની આસપાસના જિલ્લાઓમાં નોંધાઈ છે. રાજધાનીમાં ફાર્મગેટ મેટ્રો સ્ટેશનની નીચે પાર્ક કરેલી એક બસ પર કથિત રીતે પેટ્રોલ બોમ્બ ફેંકીને તેને સળગાવી દેવામાં આવી હતી. મીરપુર-૧૧માં પોસ્ટ ઓફિસ અને મેટ્રો રેલ લાઇન નજીક પણ એક બસને આગ લગાવી દેવામાં આવી હતી, જ્યારે પલ્લબી વિસ્તારમાં રસ્તા કિનારે પાર્ક કરેલી બે બસોને પણ સળગાવી દેવામાં આવી હતી.

ફરીદપુરમાં, એક વાહનને આગ લગાડવાની ઘટનામાં ૫૫ વર્ષીય બસ ડ્રાઇવરનું મૃત્યુ થયું છે. હસીનાની જાહેરાત બાદ રાજકીય તણાવ વધતા, આ ઘટનાઓએ સુરક્ષા અંગેની ચિંતાઓમાં વધુ વધારો કર્યો છે. હસીનાને સત્તા પરથી હટાવવા તરફ દોરી ગયેલા રાજકીય ઉથલપાથલ બાદથી બાંગ્લાદેશ લાંબા સમયથી અશાંતિનો સામનો કરી રહ્યું છે.

ભારતે વિઝા નિયમો સરળ બનાવ્યા; ફોર્મ ૭૦% ટૂંકા થયા, શ્રેણીઓની સંખ્યા ૧૩ થી ઘટાડીને ૯ કરવામાં આવી

નવી દિલ્હી,

ભારત સરકારે બુધવારે વિદેશી નાગરિકો માટે દેશની મુલાકાત લેવાનું સરળ બનાવવા માટે તેના વિઝા માળખામાં મોટા પાયે ફેરફારની જાહેરાત કરી છે, જેમાં મુખ્ય વિઝા શ્રેણીઓની સંખ્યા ૧૩ થી ઘટાડીને ૯ અને પેટા શ્રેણીઓની સંખ્યા ૪૯ થી ઘટાડીને ૨૩ કરવામાં આવી છે. સરકારે પ્રક્રિયાને સરળ બનાવવા અને કાગળકામ ઘટાડવા માટે વિઝા અરજી ફોર્મમાં ક્ષેત્રોની સંખ્યા પણ ૬૫-૭૦ ટકા ઘટાડી છે.

સુધારાઓની જાહેરાત કરતા, ગૃહ મંત્રાલય (સ્ૐછ) એ જણાવ્યું હતું કે આ ફેરફારોનો હેતુ ભારતની વિઝા પ્રણાલીને વધુ સુવ્યવસ્થિત, સુસંગત અને વિદેશી મુલાકાતીઓની જરૂરિયાતો પ્રત્યે પ્રતિભાવશીલ બનાવવાનો છે.

ઓક્ટોબર ૨૦૨૫ માં અગાઉની કવાયત બાદ, જ્યારે સરકારે મુખ્ય વિઝા શ્રેણીઓ ૨૨ થી ઘટાડીને ૧૩ અને પેટા શ્રેણીઓ ૬૩ થી ઘટાડીને ૪૯ કરી હતી, ૨૭ ઓગસ્ટના રોજ નવીનતમ પુનર્ગઠન હાથ ધરવામાં આવ્યું હતું.

સ્ૐછ અનુસાર, ફેરફારો રજૂ કરતા પહેલા સરકારે વિકસિત દેશો અને આંતરરાષ્ટ્રીય ધોરણોમાં વિઝા પ્રણાલીઓનો અભ્યાસ કર્યો હતો. સમાન મુસાફરી હેતુઓનું એકીકરણ અરજદારોને ભારતમાં કાયદેસર વિદેશી મુસાફરીને સરળ બનાવતી વખતે યોગ્ય વિઝા શ્રેણીને વધુ સરળતાથી ઓળખવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

ટૂરિસ્ટ વિઝાનું નામ બદલીને વિઝિટર વિઝા કરવામાં આવ્યું

એક મુખ્ય ફેરફાર એ છે કે ટૂરિસ્ટ વિઝાનું નામ બદલીને વિઝિટર વિઝા કરવામાં આવ્યું છે, જે પરંપરાગત પર્યટન ઉપરાંત પરવાનગી આપેલી પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણીને પ્રતિબિંબિત કરે છે. આને બે પેટા-શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યું છે

ફ-૧ વિઝા: બિઝનેસ મીટિંગ્સ, તબીબી પરામર્શ, સુખાકારી રીટ્રીટ, ટૂંકા ગાળાની તબીબી સારવાર અને ભારતીય ભાષાઓ, સંગીત, કલા અને હસ્તકલાના ટૂંકા અભ્યાસક્રમો જેવી ટૂંકા ગાળાની પ્રવૃત્તિઓને આવરી લે છે. તે ૩૦ દિવસ માટે બહુવિધ પ્રવેશો સાથે જારી કરવામાં આવશે.

ફ-૨ વિઝા: પર્વતારોહણ સાથે ફ-૧ શ્રેણી હેઠળ મંજૂરી આપવામાં આવેલી લાંબી મુલાકાતો અને પ્રવૃત્તિઓને આવરી લે છે. તે લાગુ પડે તે રીતે એક, પાંચ અથવા ૧૦ વર્ષની માન્યતા સાથે ઉપલબ્ધ રહેશે. પર્વતારોહણ માટે, છ મહિનાનો બહુવિધ-પ્રવેશ વિઝા જારી કરવામાં આવશે.

મેડિકલ વિઝા જોગવાઈઓ સુવ્યવસ્થિત

સરકારે પરંપરાગત અને આયુષ પ્રણાલી હેઠળ તબીબી સારવાર મેળવવા માંગતા વિદેશી નાગરિકો માટે ૪ પેટા-શ્રેણીઓ સાથે અલગ જોગવાઈઓ જાળવી રાખી છે

સ-૧ વિઝા: આયુષ ઉપચાર સિવાયની તબીબી સારવાર માટે.

સ-૨ વિઝા: સ-૧ વિઝા ધારકો સાથે આવતા એટેન્ડન્ટ્સ માટે.

સ-૩ વિઝા: આયુષ સિસ્ટમ હેઠળ સારવાર માટે.

સ-૪ વિઝા: સ-૩ વિઝા ધારકો સાથે આવતા એટેન્ડન્ટ્સ માટે.

બંને મેડિકલ વિઝા શ્રેણીઓ, તેમના ઈ-વિઝા પ્રકારો સાથે, સામાન્ય રીતે બહુવિધ પ્રવેશો સાથે એક વર્ષ માટે જારી કરવામાં આવશે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય દર્દીઓને વધુ સુગમતા પ્રદાન કરશે જેમને વિવિધ તબક્કામાં બહુવિધ પરામર્શ, ફોલો-અપ મુલાકાતો અથવા સારવારની જરૂર હોય છે.

ફટાકડાના ધૂમ-ધડાકા સાથે જામનગરમાં દીપોત્સવી પર્વે આતશબાજી કરી ઉજવણી



જામનગર : જામનગર શહેરમાં ઝળહળતી રોશની, રંગબેરંગી રંગોળી અને અવનવા ફટાકડાના ધૂમ-ધડાકા સાથે દીપોત્સવી પર્વના શ્રૃંખલાની ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રકાશના આ મહાપર્વને વધાવવા માટે બાળકો અને યુવાવર્ગ સહિત આબાલવૃદ્ધ સૌ કોઈમાં ભારે થનગનાટ જોવા મળ્યો હતો. શહેરના અમુક વિસ્તારોમાં પરોઢ સુધી રેકોર્ડરૂપ ફટાકડાઓની ગુંજ સાંભળવા મળી હતી. રવિવારે દિવાળીની રાત્રે જામનગરના લગભગ તમામ વિસ્તારોમાં ફટાકડાની ગૂંજ સાથે આતશબાજી જોવા મળી હતી.ખાસ કરી પટેલ કોલોની, પંચવટી, શરૂ સેકશન, સમર્પણ, રણજીતસાગર રોડ ગ્રીન પાર્ક કોલોની, જોગસ પાર્ક, રણજીતનગર, એમ્યુઝમેન્ટ પાર્ક, સીટી વગેરે સહિત જુના જામનગરના ગીચ વિસ્તારોમાં પણ આતશબાજી સાથે લોકોએ દિપોત્સવી પર્વને ઉજવ્યુ હતુ. જેના પગલે શહેરના મોટા ભાગના વિસ્તારો આકાશ રંગબેરંગી આતશબાજીથી ઝળહળી ઊઠ્યું હતું. અમુક વિસ્તારોમાં રાત્રિથી શરૂ થયેલી ફટાકડાની ગુંજ છેક પરોઢ સુધી યથાવત રહી હતી, જેના કારણે આકાશમાં સમયાંતરે કલરફુલ રંગોળી સહિત અદભુત નજારો સર્જાયો હતો. દીપોત્સવીની પૂર્વસંધ્યાએથી જ શહેર આખું રોશનીના ઝગમગાટમાં નાહી ઊઠ્યું હતું.

જામનગરમાં નૂતન વર્ષ અને ભાઈબીજે બે અકસ્માતમાં ત્રણનાં મોત, આઠ વ્યક્તિ ઘાયલ

જોગવડ અને રણુજા મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા બે શ્રદ્ધાળુઓના પરિવારને નડ્યા અકસ્માત



જામનગર : જામનગર પંથકમાં નુતન વર્ષ અને ભાઈબીજના તહેવારોમાં અકસ્માતની બે ગોઝારી ઘટના નોંધાઇ હતી. બે ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓને કાળ આંબી ગયો છે. જ્યારે આઠ વ્યક્તિને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

જોગવડ ખાતે આશાપુરા માતાજીનાં દર્શન કરીને પરત ફરી રહેલા પરિવારની ઈકો કારનું ટાયર ફાટતાં અલીયાબાડા પાસે પુલ સાથે અથડાઈ પલટી ખાઈ ગઈ હતી, જેમાં એક યુવતી અને એક મહિલા સહિત બે તથા રણુજા મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા બે ભાઈઓની મોટરસાઇકલને મોડપર ગામ પાસે ટ્રકે અડફેટે લેતાં ૨૧ વર્ષના નાના ભાઈનું મોત નીપજ્યું હતું.

અલીયાબાડા ગામના પાટિયા પાસે ગત તા. ૧૦ નવેમ્બરના રોજ સાંજે આશરે છ વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જામનગરના બાડા ગામે રહેતા મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ જાડેજા (ઉ.વ. ૫૧)ના પરિવારજનો અને સગાંસંબંધીઓ કુલદીપસિંહ ધીરુભા ઝાલાની ઈકો કાર નં. જીજે-૧૦-ડીઆર-૩૧૯૪માં જોગવડ ગામે આશાપુરા માતાજીનાં દર્શન કરવા ગયાં હતાં. દર્શન કરીને પરત ફરતી વખતે અલીયાબાડા ગામના પાટિયા પાસે પુલ ઉપર ઈકો કારનું આગળનું ટાયર અચાનક ફાટતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી મારી પુલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર તમામ લોકો ફંગોળાઈ ગયાં હતાં. જેમાં મહેન્દ્રસિંહની ૧૯ વર્ષીય પુત્રી માનશીબા અને કુટુંબનાં ૫૫ વર્ષીય કૈલાશબા સુખુભા જાડેજાને માથામાં ગંભીર ઈજાઓ થતાં બેભાન થઈ ગયાં હતાં. આ ઉપરાંત મીતલબા, પ્રિયંકાબા, રંજનબા, સાત વર્ષના સર્વદીપસિંહ અને બે વર્ષની માન્યતાબાને પણ ઈજાઓ પહોંચી હતી. તમામને ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં માનશીબા અને કૈલાશબાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઈકો કારચાલક કુલદીપસિંહને ઈજા થઈ ન હતી.

આ ઉપરાંત અકસ્માતના બીજા જ દિવસે એટલે કે તા. ૧૧ નવેમ્બરના રોજ જામનગર નજીક મોડપર ગામ પાસે ટ્રકની અડફેટે મોટરસાઇકલ સવાર બે ભાઈઓને અકસ્માત નડ્યો હતો. જામનગરના ગાંધીનગર મેઈન રોડ પર જયંત કોલોનીમાં રહેતા હાર્દિકભાઈ જયેશભાઈ સામાણી (ઉ.વ. ૨૭) અને તેમના નાના ભાઈ રાહુલ (ઉ.વ. ૨૧) ગત તા. ૧૧ નવેમ્બરના રોજ બપોરે મિત્રની મોટરસાઇકલ લઈને કાલાવડ તાલુકાના રણુજા મંદિરે દર્શન કરવા ગયાં હતાં. દર્શન કરીને જામનગર પરત ફરતી વખતે બપોરે સાડા ત્રણેક વાગ્યે મોડપર ગામ પાસે આગળ જતી કારને સાઇડમાંથી પસાર થવાનો પ્રયાસ કરતાં સામેથી પૂરઝડપે આવી રહેલા ટ્રક નં. જીજે-૦૩-બીવાય-૧૩૮૫ના ચાલકે મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. ટ્રકની ટક્કરથી બંને ભાઈઓ રસ્તા પર પટકાયા હતા. જેમાં હાર્દિકભાઈને જમણા પડખે છોલછાલની ઈજા થઈ હતી, જ્યારે રાહુલને માથા અને કમરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. બંનેને ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે રાહુલને મૃત જાહેર કર્યો હતો.

જામનગરમાં હોટલ સુમુખમાંથી હેરોઈનના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

૯.૬૧ ગ્રામ હેરોઈન, ૧૫ હજાર રોકડ સહિત રૂ. ૧.૯૨ લાખનો મુદ્દામાલ કબ્જે



જામનગર : જામનગરના સુમેર ક્લબ રોડ પર એસ.ટી. ટેમ્પો સ્ટેન્ડ પાસે આવેલી હોટલ સુમુખના રૂમ નંબર ૧૦૮માં એસ.ઓ.જી. પોલીસે દરોડો પાડી હેરોઈનના જથ્થા સાથે પંજાબના બે સગા ભાઈઓને ઝડપી પાડ્યા છે. પંજાબથી હેરોઈન ખરીદીને જામનગરના મોટી ખાવડી વિસ્તારમાં લાવી શ્રમિક વર્ગને છૂટક વેચાણ કરતા હોવાની ચોંકાવનારી વિગતો તપાસમાં સામે આવી છે. પોલીસે રૂ.૧.૯૨ લાખની કિંમતનું ૯.૬૧ ગ્રામ હેરોઈન, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂ.૨.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે હોટલ સુમુખના રૂમ નંબર ૧૦૮માંથી પોલીસે રૂ.૧.૯૨ લાખની કિંમતનું ૯.૬૧ ગ્રામ હેરોઈન સાથે લવપ્રીતસિંઘ ગુલઝારસિંઘ (ઉ.વ.૩૨) અને હરપ્રીતસિંઘ ગુલઝારસિંઘ (ઉ.વ.૩૬ રહે. મૂળ પંજાબના અમૃતસર) ને પકડી પાડ્યા હતા. બને શખ્સો છેલ્લા અકાદ વર્ષથી મોટી ખાવડીમાં રહી રિલાયન્સ કંપનીમાં મજૂરી કામ કરતા હતા. આરોપીઓએ પંજાબના તરનતારન જિલ્લાના ખાદુર સાહિબ તાલુકાના સકિયાન વાળી ગામે રહેતા ગગનદીપ નામના શખ્સ પાસેથી ૩૦ ગ્રામ હેરોઈન રૂ.૩૦ હજારના ભાવે ખરીદ્યું હોવાની કબૂલાત આપી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મોટી ખાવડી અને આસપાસના વિસ્તારોમાં રહેતા શ્રમિકોમાં નશાકારક પાવડરનું સેવન કરતા લોકો હોવાથી તેમને છૂટક હેરોઈન વેચાણ કરતા હતા. દરોડા દરમિયાન રૂમમાંથી મળી આવેલા નશીલા પદાર્થનું સ્થળ પર પરીક્ષણ કરતાં તે હેરોઈન હોવાનું પ્રાથમિક તારણ આપ્યું હતું. તેનું વજન કરતાં ૯.૬૧ ગ્રામ થયું હતું, જેની કિંમત ૩.૧,૯૨,૨૦૦ ગણવામાં આવી છે.

પોલીસે બંને આરોપીઓ પાસેથી બે રેડમી મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦ હજાર અને રોકડા રૂ.૧૩,૭૨૦ કબજે કર્યા છે. આ ગુનામાં હેરોઈનનો જથ્થો પૂરો પાડનાર પંજાબનો ગગનદીપ ફરાર જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે લવપ્રીતસિંઘ અને હરપ્રીતસિંઘ સહિત ગગનદીપ સામે એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૧(બી) અને ૨૯ મુજબ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. પંજાબથી જામનગર સુધી

જામનગરના રબાની પાર્કમાં મેમણ યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર શહેરમાં આપઘાતની એક કરુણ ઘટના સામે આવી છે. શહેરના કાલાવડ નાકા બહાર આવેલા રબાની પાર્ક વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય મેમણ યુવાને પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. યુવાનના અચાનક મૃત્યુના પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. બીજી બાજુ પોલીસે દોડી જાય મોતનું કારણ જાણવાની દિશામાં તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રબાની પાર્ક વિસ્તારમાં રહેતા મોહમદસોયબ ઈસાભાઈ મંઢા (ઉ.વ. ૩૫)એ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની જાણ થતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે મૃતકના ભાઈ સોહિલ મંઢાએ પોલીસને જાણ કરતાં સિટી-એ ડિવિઝન પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યો હતો. યુવાને કયા સંજોગોમાં આ અંતિમ પગલું ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ જાણવા પોલીસ દ્વારા પરિવારજનોનાં નિવેદનો સહિતની વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

હડીયાણા ગામે હલર મશીનમાં સાડીનો છેડો ફસાઈ જતા મહિલાનું મોત

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના હડીયાણા ગામે ખેતરમાં મગફળી કાઢવાનું કામ કરતી વખતે હલર મશીનમાં સાડીનો છેડો આવી જતાં ૫૪ વર્ષીય મહિલાનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું.

બનાવની વિગત મુજબ હડીયાણા ગામના કમલાબેન ગણેશભાઈ સોનગરા (ઉ.વ. ૫૪) ગત તા. ૧૧ના રોજ બપોરના આશરે સાડા બારેક વાગ્યે પોતાના ખેતરમાં હલર મશીન દ્વારા મગફળી કાઢવાનું કામ કરી રહ્યાં હતાં. દરમિયાન અચાનક તેમની સાડીનો છેડો હલર મશીનમાં આવી જતાં તેમનું માથું મશીન સાથે અથડાયું હતું. જેના કારણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે જાંબુડા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના પુત્ર માવજીભાઈ સોનગરાએ જોડીયા પોલીસમાં જાણ કરતાં પોલીસે અપમૃત્યુની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં રહેણાંક ફ્લેટમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવતા શખ્સની અટકાયત

રૂ. ૧.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે, પોરબંદરના સપ્લાયરનું નામ ખુલ્યું



જામનગર : જામનગર શહેરમાં દારૂની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ બનાવવામાં આવી છે. જેમાં લોકલ ક્રાઇમ બ્રાંચ (એલ.સી.બી.)ની ટીમે શહેરના પંચવટી સોસાયટી વિસ્તારમાં મોટી સ્કૂલ પાછળ આવેલા મોહન એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં દરોડો પાડી વિદેશી દારૂની ૧૮૦ બોટલ સાથે એક શખ્સને ઝડપી લીધો છે. એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટિયા તથા પોલીસ સ્ટાફ શહેરમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન પોલીસ કર્મચારીઓ રૂષીરાજસિંહ વાળા અને મયુરસિંહ પરમારને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પંચવટી સોસાયટીમાં મોટી સ્કૂલ પાછળ આવેલા મોહન એપાર્ટમેન્ટના રહેતા લખમણભાઈ કારાભાઈ હુણના રહેણાંક ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં સ્થળ પરથી વિદેશી દારૂની ૧૮૦ બોટલ, જેની કિંમત રૂ. ૧,૭૮,૧૩૮ થાય છે, તેમજ રૂ. ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૮૩,૧૩૮નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસની વધુ તપાસ દરમિયાન દારૂનો જથ્થો સપ્લાય કરનાર બાલુભાઈ નાથાભાઈ કોડિયાતર (રહે. માલદીવારી નેશ, બગવદર, તા. અને જી. પોરબંદર, મૂળ રહે. ખોડિયાર નેશ, આદિત્યાણા ગામ, તા. રાણાવાવ, જી. પોરબંદર)નું નામ ખુલતા તેને ફરારી જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જોડિયાના વાધા ગામે માનસિક બીમારીથી વ્યથિત મહિલાનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના વાધા ગામમાં માનસિક બીમારીથી પીડાતી ૩૮ વર્ષીય મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.મહિલાએ વાડીમાં લીમડાના ઝાડની ડાળીએ બળદ બાંધવાના દોરડાથી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જોડિયા તાલુકાના વાધા ગામમાં રહેતાં શાંતુબેન ભવાનભાઈ મૈયડ (ઉ.વ. ૩૮)ને છેલ્લા ત્રણેક વર્ષથી માનસિક બીમારી હોવાથી દવા ચાલુ હતી. જોકે, દવા લેવા છતાં તેમની તબિયતમાં સુધારો થતો ન હતો અને છેલ્લા ઘણા સમયથી તેઓ સુનમુન રહેતાં હતાં.

દરમિયાન આજે તા. ૧૨ નવેમ્બરના રોજ સવારના આશરે છ વાગ્યાના અરસામાં તેમણે પોતાની વાડીમાં બે લીમડાનાં ઝાડની ડાળીઓ વચ્ચે બળદ બાંધવા માટે બાંધેલા દોરડા વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો તેમને સારવાર માટે જોડીયા સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના ભાઈ રમેશભાઈ ભવાનભાઈ મૈયડે જોડીયા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોત અંગેની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નિકાવા પાસે એસ.ટી. બસમાંથી દારૂની ૬૨૦ બોટલ સાથે શખ્સ ઝડપાયો



જામનગર : કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા નિકાવા બસ સ્ટેન્ડ પાસે હાઇવે રોડ પરથી એસ.ટી. બસમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા પંચમહાલ જિલ્લાના એક શખ્સને ઝડપી લઈ તેની પાસેથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી કુલ ૬૨૦ બોટલો તથા મોબાઇલ ફોન સહિત રૂા.૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ રામજીભાઈ ચાવડાને મળેલી બાતમીના આધારે નિકાવા બસ સ્ટેન્ડ પાસે હાઇવે રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન એસ.ટી. બસ નંબર જીજે-૧૮-ઝેડટી-૨૯૪૩ની તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ કંપનીની કુલ ૬૨૦ બોટલો મળી આવી હતી. આથી પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ડાંગરિયા ગામના પટેલ ફળિયામાં રહેતા રાજેશકુમાર ભીમસિંહભાઈ પટેલીયા (ઉ.વ.૪૪)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂની બોટલોની રૂા.૧,૪૫,૦૦૦ની કિંમત તથા રૂા.૫,૦૦૦નો વિવો કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ રૂા.૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

દિવાળીના તહેવારો પર કૃષ્ણની કર્મભૂમિ દ્વારકાનગરી હાઉસફુલ, ભક્તોનું ઘોડાપુર

જગતમંદિરમાં હાટડી દર્શન-અન્નકુટ, ચૂંદડી મનોરથના દર્શનનો ભાવિકોએ લાભ લીધો : બેટ-દ્વારકા માર્ગે વાહનોની પાંચ કી. મી. લાંબી કતાર



દ્વારકા : પ્રકાશના પર્વ તરીકે ઓળખાતા દિવાળી તેમજ નૂતન વર્ષ અને ભાઈબીજની દ્વારકામાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ અને ધાર્મિક રીત રસમ સાથે ઊજવણી કરવામાં આવી હતી. દિવાળીના દિવસે જગતમંદિરમાં યોજાયેલ હાટડી દર્શન તથા બીજા દિવસે યોજાયેલ અન્નકુટ ઉત્સવ મનોરથનો ભાવિકોએ લાભ લીધો હતો. દિવાળી પર્વ નિમિતે રાજાધિરાજને અલૌકિક વસ્ત્ર પરિધાન, સુવર્ણ-ચાંદી તથા અન્ય ઉચ્ચધાતુઓના અલંકારો તથા ઝવેરાતોનો દિવ્ય શૃંગાર કરવામાં આવ્યો હતો. આ અલૌકિક દર્શનનો લાભ મોટી સંખ્યામાં ભાવિકોને થયો હતો.

દિવાળી પર્વ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરને વિશેષ લાઈટીંગ ડેકોરેશન રોશનીથી સુશોભિત કરવામાં આવ્યું હોય રાત્રિના સમયે જગતમંદિરની ત્રિજ્યામાં દસ દસ કિમી સુધી દૂરથી ઝળહળતાં જગતમંદિરનો નઝારો જોવા મળ્યો હતો. જગતમંદિરમાં આવેલાં નાના-મોટા અન્ય મંદિરોમાં પણ વિશેષ શૃંગારને લીધે ભગવાનના દિવ્ય શૃંગારની અલગ અલગ ઝાંખી ભાવિકોને મળી હતી. ગુજરાત તેમજ બહારના ટુરીસ્ટને લીધે સમગ્ર દ્વારકાનગરીમાં આવેલાં હોટલ ધર્મશાળા ગેસ્ટહાઉસ, ભવનો હાઉસફુલ જોવા મળ્યા હતા. ઓખા દ્વારકા જામનગર હાઈવે રોડ પર પાંચ કિમી સુધી વાહનોની કતારો પણ જોવા મળી હતી. તહેવારોના દિવસોમાં વ્યાપક ટુરીસ્ટને લીધેઆભાર - નિહારીકા રવિયા ટ્રાફીક સમસ્યા સમાન બનતી જોવા મળી હતી. આગામી પખવાડિયા સુધી હજુ પણ વેકેશનનો સમયગાળો હોય યાત્રાળુઓ તથા ટુરીસ્ટનો અવિરત પ્રવાહ દ્વારકા તરફ રહેશે તેવું જણાઈ રહયું છે. દિવાળી તહેવારો તેમજ નવવર્ષના શ્રીજીના વિશેષ શૃંગાર તેમજ ભાઈબીજના દિવસે ગોમતી સ્નાન કરવા હજારો ભાવિકો ઉમટી પડયા હતા. સાંજે માં ગોમતીની મહાઆરતી પણ કરવામાં આવી હતી. તેમજ ચુંદડી મનોરથ પણ આવ્યો હતો. પરંપરાગત રીતે સ્થાનીય મહિલાઓ કુમારીકાઓ દ્વારા પવિત્ર ગોમતી નદીમાં દિવડાઓની હારમાળા તરતી મૂકવામાં આવી હતી. રાત્રિના સમયે સેંકડો દિવડાઓના પ્રકાશમાં ગોમતી નદી તથા ઝળહળતાં દ્વારકાધીશ મંદિરનો દિવ્ય નજારો ભાવિકોને મળ્યો હતો.